શ્રીગુરુદેવ-જન્મોત્સવ ગ્રન્થમાળા: મણિ ૫ મો

श्रीकृष्णः ।

શ્રીમદ્ગોસ્વામી શ્રીહરિરાયજી વિરચિત

દુઃસઙ્ગવિજ્ઞાનપ્રકાર-નિરૂપણ

(ગુર્જરાનુવાદ સાથે)

XX04

અનુવાદક,

કેશવરામ કાશીરામ શાસ્ત્રી

માંગરોલ—કાઠિયાવાડ

પ્રકાશક,

શા. વિઠ્ઠલદાસ મોતીચન્દ

માંગરોલ—કાઠિયાવાડ

From,
SHREE PUSTIMARGIYA [illegible] PARISHAD.
C/o [illegible] Shah.
[illegible] BOMBAY 2.

પ્રતિ ૨૦૦૦

સાં. ૧૯૯૧ સને ૧૯૩૪

અમૂલ્ય

મુદ્રકઃ—સોમાલાલ મઙ્ગળદાસ શાહ
મુદ્રણાલયઃ—'ધી ગુજરાત પ્રિ. પ્રેસ'
પાંચકૂવા, **અમદાવાદ**

સમર્પણ

तत्कुरुष्व मदर्पणम् ॥

[गीता]

શ્રીમદનમોહનસેવૈકપરાયણ, શ્રીવાગધીશપ્રકટિતભક્તિમાર્ગરક્ષણપરાયણ, અશરણશરણ, નિજ નિઃસાધનદાસજનને અભયદાન કરનાર જીર્ણદુર્ગનિવાસી ગુરુદેવ શ્રીગોકુલેશજી મહારાજના જન્મોત્સવપ્રસઙ્ગને યાદ કરી આ લઘુ પુસ્તક તેઓના પદકઞ્જમાં સવિનય સાદર અર્પણ કરું છું.

શારદી પૂર્ણિમા
સાં. ૧૯૯૦

લિ. સેવક,
વિઠ્ઠલદાસ

તા. ક.—આ પુસ્તક સિલિકમાં હશે ત્યાંસુધી અધિકારી વૈષ્ણવને ભેટ આપવામાં આવશે. બ્હારગામથી મગાવનારે પોસ્ટ-ખર્ચની સવા આનાની ટિકીટ બીડવી.

ભૂમિકા

અહીંના ભગવદીય શેઠ વિઠ્ઠલદાસ મોતીચન્દ એમના ગુરુદેવ જૂનાગઢવાળા નિત્યલીલાસ્થ ગોસ્વામી શ્રીગોકુલેશજી મહારાજના જન્મદિવસે એટલે કે આષાઢ વદિ એકમના દિને કોઇ એક સામ્પ્રદાયિક પુસ્તિકા સાતેક વર્ષ થયાં પ્રસિદ્ધ કરે છે. એવી છેલ્લી પુસ્તિકા **શ્રી**વલ્લભાખ્યાનની critical–સાર્વદેશીય આવૃત્તિ સાં. ૧૯૮૭માં તેમણે પ્રસિદ્ધ કરેલી. સાં. ૧૯૮૮ માં પ્રસિદ્ધ કરવા માટે તેમણે મને શ્રીહરિરાયજીયે રચેલા **દુઃ**સઙ્ગવિજ્ઞાનપ્રકારનિરૂપણ નામના ગ્રન્થનો અનુવાદ કરવા ક્હેલૂં. મારા પ્રમાદને લીધે ક્હો કે અન્ય પ્રવૃત્તિયોના દબાણને લીધે ક્હો, હૂં તેમની એ ઇચ્છા સવેળા બર ન લાવી શક્યો; તેને માટે એ ભગવદીયની હૂં ક્ષમા યાચૂં, તે વધૂ પડતૂં નથી. સાં. ૧૯૮૮, ૧૯૮૯ અને આ સાં. ૧૯૯૦ ની સાલનો જન્મોત્સવ પણ પસાર થઇ ગયો. એ પછી આ અનુવાદ હૂં લખી શક્યો છૂં. મોડા પણ આ અનુવાદ હૂં તેમને આપી શક્યો છૂં, તેને માટે હૂં મને સદ્ભાગી માનૂં છૂં.

શ્રીહરિરાયજીનો આ ગ્રન્થ જેમ એતન્માર્ગીય વૈષ્ણવોને પરમ ઉપકારક છે, તેજ રીતે દુનિયાભરના ધર્મપ્રેમીયોને ઉપકારક અને માર્ગદર્શક છે. આવો સુન્દર ગ્રન્થ છપાવી પ્રસિદ્ધ કરવા બદલ ઉક્ત શેઠ ધન્યવાદને પાત્ર છે. ઇચ્છિયે કે તેઓ ઉત્તરોત્તર આવા માર્ગદર્શક ગ્રન્થોને છપાવતા રહી પોતાના દૈવી દ્રવ્યનો સદ્વ્યય કરતા ર્‌હે.

આ ગ્રન્થના બે અનુવાદો ઘણાં વર્ષો પૂર્વે પ્રસિદ્ધ છે. આ નવો અનુવાદ વિદ્યાર્થીયોને તેમજ મોટાંઓને, સૌને ઉપયોગી થાય તે રીતે કરવામાં આવ્યો છે; જિજ્ઞાસુઓને યત્કિઞ્ચિત્ પણ ઉપયોગી થશે તો અનુવાદક અને પ્રકાશકની મ્હેનત સાર્થક છે.

સાં. ૧૯૯૦,
શારદી પૂર્ણિમા
માંગરોલ–કાઠિયાવાડ

ભગવદીયોની કૃપાનો અભિલાષી,
કેશવરામ કા. શાસ્ત્રી

C/o Girdharl... ...andas Shah.
...Mandir ..., BOMBAY 2.

श्रीकृष्णः ।

ઉપોદ્‌ઘાત

अशक्ये वा सुशक्ये वा सर्वथा शरणं हरिः ॥*
(શ્રીવલ્લભાચાર્યજી)

सेव्यः स एव गोपीशो विधास्यत्यखिलं हि नः ।+
(શ્રીવલ્લભાચાર્યજી)

दैन्यं त्वत्तोषकारणम्× (શ્રીગુસાંઇજી)

ભક્તિમાર્ગના પરમ આચાર્ય શ્રીવલ્લભાચાર્યજીના વંશમાં અનેક મહાનુભાવી વિદ્વાન આચાર્યો થયા છે. શ્રીવલ્લભાચાર્યજીના બન્ને પુત્રો: ૧. શ્રીગોપીનાથજી અને ૨. શ્રીવિઠ્ઠલનાથજી ઉર્ફે શ્રીગુસાંઇજી; શ્રીવિઠ્ઠલનાથજીના સાત પુત્રો: ૧. શ્રીગિરિધરજી, ૨. શ્રીગોવિન્દરાયજી, ૩. શ્રીબાલકૃષ્ણજી, ૪. શ્રીગોકુલનાથજી ઉર્ફે શ્રીવલ્લભ, ૫. શ્રીરઘુનાથજી, ૬. શ્રીયદુનાથજી અને ૭. શ્રીઘનશ્યામજી; એ સાતે પુત્રોના વંશમાં થયેલા શ્રીકલ્યાણરાયજી, શ્રીદ્વારિકેશજી, શ્રીદેવકીનન્દનજી, શ્રીકૃષ્ણચન્દ્રજી, શ્રીવ્રજરાજજી, શ્રીહરિરાયજી, શ્રીપુરુષોત્તમજી, ચાચાશ્રીગોપેશજી શ્રી દ્વારિકેશજી, શ્રીવલ્લભ, કાશીસ્થ શ્રીગિરિધરજી, મહાન રશ્મિકાર યોગી શ્રીગોપેશ્વરજી જેવા મહાન વિદ્વાન ગોસ્વામિવર્યોના ગ્રન્થોનાં દર્શન કરવાથી તેઓની વિદ્વત્તા, મહાનુભાવતા, પ્રભુ અને આચાર્યશ્રી તરફ અલૌકિક અપ્રમેય પ્રેમ અને તેમ છતાં તેમના લેખોમાં ઠેર ઠેર દીનતા અને પ્રભુનું અનન્યશરણ જણાઇ આવે છે.

---

* અશક્ય કે સારી રીતે શક્ય, એવી બધી બાબતોમાં દરેક રીતે પ્રભુ શરણ છે.

+ તે શ્રીગોપીજનવલ્લભનીજ સેવા કરવી. ખરેખર તે આપણું બધું પાર પાડશે.

× હે પ્રભુ! આપને ખુશ કરવાને કેવળ દીનતાજ કારણ છે.

આવા એક મહાનુભાવી ગોસ્વામી શ્રીહરિરાયજી થઈ ગયા છે. તેઓશ્રી શ્રીવલ્લભાચાર્યજીના દ્વિતીય સૂનુ શ્રીવિઠ્ઠલનાથજીના પુત્ર શ્રીગોવિન્દરાયજીના આત્મજ શ્રીકલ્યાણરાયજીના સુત થતા હતા. શ્રીકલ્યાણરાયજી પરમ ભક્ત અને જબ્બર વિદ્વાન હતા. શ્રીમહાપ્રભુજીના ષોડશ ગ્રન્થોમાં કેટલાક ગ્રન્થો ઊપર તેમજ તત્ત્વાર્થદીપ નિબન્ધ ઊપર તેમની ટીકાઓ ઉપલબ્ધ થાય છે. આવા વિદ્વાન મહાનુભાવી પિતાને ત્યાં સાં. ૧૬૪૭ના ભાદ્રપદ વદિ ૫ ના શુભ દિને આ શ્રીહરિરાયજીનો જન્મ થયો હતો. જેવી રીતે પિતા તરફથી તેઓશ્રીને વિદ્વત્તા તથા મહાનુભાવતાનો વારસો મળેલો, તેજ રીતે પોતાના સામ્પ્રદાયિક દીક્ષાગુરુ શ્રીગોકુલનાથજી તરફથી મળેલો. આ બન્ને મહાનુભાવ વિદ્વાનોની પૂરી અસર શ્રીહરિરાયજીના અનેક શતાવધિ ગ્રન્થોમાં ઠેર ઠેર જણાય છે. આપશ્રીએ ૧૨૦ વર્ષ જેટલું દીર્ઘાયુ ભોગવી સમ્પ્રદાયના મર્મને અતિ સરળ ભાષામાં, સંસ્કૃત તેમજ વ્રજ ભાષામાં ઘણું સાહિત્ય લખી, બતાવવામાં લેશ પણ કચાશ નથી રાખી. સામ્પ્રદાયિક શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ સમઝવો હોય તો પણ શ્રીહરિરાયજીના અનેક ગદ્ય-પદ્યાત્મક ગ્રન્થો તૈયાર; પુષ્ટિમાર્ગનું રહસ્ય સમઝવું હોય તો અનેક ગ્રન્થો તૈયાર; સેવાભાવના, અરે, સમયે સમયે ગાવાનાં કીર્તનો, અષ્ટપદીયો સંસ્કૃત તેમજ વ્રજ ભાષામાં તૈયાર. આમ સાર્વદેશિક ભિન્ન ભિન્ન અધિકારીયોને પોતાના અધિકાર મુજબના ભગવન્માર્ગ તરફ શ્રદ્ધા ઉત્પન્ન કરાવી શ્રદ્ધાને કાયમ રાખે તેવા સહસ્રશઃ ગ્રન્થો એઓશ્રીએ સમ્પ્રદાયને અર્પ્યા છે. એમનો વિવરણો કહેવાનો વેગ એટલો જબ્બર હતો કે કેટલાએક ટીકાત્મક સારા ગ્રન્થો પદ્યસ્વરૂપેજ ઊતાર્યા છે, છતાં ભાષા અતિ સરલ; તે ત્યાંસૂધી કે સંસ્કૃતનું પ્રાથમિક જ્ઞાન ધરાવનારા વિદ્યાર્થીયોને પણ ભાષા સમઝવામાં મુશ્કેલી ન જણાય, છતાં ખુમી તો એજ કે તેમણે એક પણ શબ્દ છોડ્યા વિના સમગ્ર ગ્રન્થનું વિવરણ આપ્યું હોય. એઓશ્રીના ગ્રન્થસાહિત્યમાંથી હજી તો ઘણાજ થોડા ગ્રન્થો છપાયા છે; તેમાંથી અનુવાદ તો

માત્ર ગણ્યા ગાંઠ્યા ગ્રન્થોનોજ થયો છે. અત્યારે પણ શ્રીનાથદ્વાર, કામવન, કાશી, મૂંબઈ વગેરે નગરોના સામ્પ્રદાયિક પુસ્તકભણ્ડારોમાં તેમજ વૈષ્ણવોના ખાનગી સંગ્રહોમાં અપ્રસિદ્ધ અનેક ગ્રન્થો પડ્યા છે.*

તેઓશ્રી દ્વિતીય પીઠના ગોસ્વામી હતા, જે ગાદી ઊપર છેલ્લી સદીમાં યોગી ગોપેશ્વરજી જેવા મહાન વિદ્વાને બિરાજી બ્રહ્મસૂત્રાણુભાષ્ય-પ્રકાશ ઊપર **રશ્મિ** નામક ટીકા તેમજ ભક્તિમાર્તણ્ડ જેવા સમર્થ ગ્રન્થો સમ્પ્રદાયને અર્પ્યાં છે.

શ્રીહરિરાયજીનૂં નિવાસસ્થાન શ્રીનાથદ્વાર પાસે ખીમનોર કરી ગામ છે, ત્યાં હતૂં. ત્યાંથી વારંવાર તેઓ શ્રીનાથદ્વાર પધારી શ્રીનાથજીની સેવામાં ભાગ લેતા. શ્રીઆચાર્યશ્રી અને શ્રીકૃષ્ણચન્દ્રજી, એનૂં અનન્ય શરણ શ્રીહરિરાયજીના પ્રત્યેક ગ્રન્થમાં દેખાય છે; તે જોતાં એમને શ્રીનાથજી અને આચાર્યશ્રી તરફ કેટલૂં નિઃસીમ માન હોવું જોઇયે, તે સમઝાય તેવૂં છે. એમના આજ વર્તનને પરિણામે એમને વૈષ્ણવો અદ્યાપિપર્યન્ત **શ્રીહરિરાય મહાપ્રભુ** તરીકે ઓળખે છે. એઓશ્રીનૂં નિખાલસ અને દીનતાભરેલૂં હૃદય એમના પ્રત્યેક ગ્રન્થમાં દેખાય છે. એઓશ્રીના નાના ભાઈ શ્રીગોપેશ્વરજીનાં વહૂજી લીલાસ્થ થયાં ત્યારે દિલાસા માટે શ્રીહરિરાયજીયે જે ૪૧ પત્રો લખ્યા, તે તેમના આદર્શ હૃદયનો આબાદ પરિચય આપે છે. અત્યારે એ **શિક્ષાપત્રો** તરીકે પ્રસિદ્ધ છે. ભક્તિમાર્ગીય જીવનાં આબાદ લક્ષણો કોઈને જાણવાં હોય કે કેળવવાં હોય તેવાને માટે આ **શિક્ષાપત્રો** જેવો કોઇ પણ અન્ય ગ્રન્થ નહીં મળે. સુખીયોને સુખમાં પોષક, દુઃખીયોને દુઃખમાં દિલાસારૂપ, ભગવદીયોને ભક્તિની દૃઢતા કરનાર, વેદાન્તીયોને પરમ તત્ત્વનો બોધ કરનાર આવો ગ્રન્થ અન્યત્ર ભાગ્યેજ મળશે. તેમ છતાં ગ્રન્થકારનૂં છેવટ સૂધીનૂં દૈન્ય, નિરભિમાન અને નિર્દોષ—ચરિતત્વ ક્યાંય પણ સ્હેજ પણ સ્ખલિત થતૂં ન દેખાય.

---

* એમના પ્રસિદ્ધ થયેલા ઘણા ખરા ગ્રન્થોની સૂચી "વલ્લભાચાર્યજીનૂં જીવનચરિત" ગૂજરાતી પ્રેસ તરફથી બ્હાર પડ્યૂં છે, તેમાં આપી છે.

અતિ ખુલ્લા દિલથી તેમને સૂઝેલા સડાઓ દૂર કરવા તેમણે નિઃસીમ મ્હેનત કરેલી જણાય છે. અત્યારે જેમ અનેક ઢોંગી ધૂતારાઓ વૈષ્ણવત્વને નામે સમ્પ્રદાયને ઊતારી પાડતા જોવામાં આવે છે, તેવીજ સ્થિતિ શ્રીહરિરાયજીના સમયમાં પણ ક્વચિત હતી, તેવૂં તેમના કેટલાક ગ્રન્થો ઊપરથી સમઝાય છે. આપશ્રીયે અહીં અનુવાદ સાથે છપાતા **દુઃસઙ્ગવિજ્ઞાનપ્રકારનિરૂપણ** નામના ગ્રન્થમાં તેવા ધૂતારાઓથી ચેતતા ચાલવાની વૈષ્ણવોને ખાસ સૂચના આપી છે. શિક્ષાપત્રમાં તો તેઓશ્રીયે પોતાના એક અધિકારીના પાપની હકીકત લખી વૈષ્ણવતાનો ડોળ કરનારાઓની પણ કેવી વર્તણૂંક ભયઙ્કર નીવડે છે, તે બતાવવા પ્રયત્ન કર્યો છે. નવા તેમજ જૂના વૈષ્ણવોને **દુઃસઙ્ગવિજ્ઞાનપ્રકારનિરૂપણ** પરમ ઉપકારક છે.

સમ્પ્રદાયમાં બે દીક્ષાઓ આપવામાં આવે છેઃ ૧. નામકરણ દીક્ષા અથવા નામ પમાવવૂં અને ૨. બ્રહ્મસમ્બન્ધદીક્ષા કિંવા પ્રભુને આત્મીય બધા પદાર્થોનૂં અર્પણ કરવાપણૂં. પ્રભુનૂં શરણ સિદ્ધ કરવાને માટે પ્રથમ દીક્ષા છે. શરણ બરોબર દૃઢ થાય એટલે આત્મનિવેદન કરવાને જીવ અધિકારી થાય છે. 'બધાજ પદાર્થો પ્રભુના છે; મારૂં આમાં કાંઇ પણ નથી; મારા અઙ્ગત ઉપયોગ માટે મને કાંઇ પણ વાપરવાનો અધિકાર નથી;' એ ભાવના કેળવવાને માટે આ આત્મનિવેદન છે. ગુરુદ્વારા પ્રભુ–સન્મુખ આ દીક્ષા આપવામાં આવે છે. તે વખતે ગુરુ શિષ્યને માથે શ્રીઠાકોરજીનૂં એક સ્વરૂપ કિંવા ચિત્રજી કે વસ્ત્રસેવા પધરાવી આપે છે. શ્રીહરિરાયજીના સમયમાં આ પદ્ધતિ* હતી, એમ સ્પષ્ટ તેમના આ ગ્રન્થ ઊપરથી સમઝી

---

* ओर जो जीवको ब्रह्मसम्बन्ध करावत हैं तिनके घर भगवद्–सेवा पधरावत हैं। जो सपन्न हैं तिनके घर भगवद्–सेवा पधरावत हैं। तिनसों श्रीगोवर्धननाथजी सेवा करावत हैं। और जीवनके घर स्वरूपसेवा तथा वस्त्रसेवा पधरावत हैं॥ (**સ્ફુરત્કૃષ્ણપ્રેમામૃત** ઊપરની શ્રીહરિરાયજીની અમુદ્રિત વ્રજભાષાની ટીકા–શ્લોક ૧ લાનીમાંથી.)

શકાય છે. આત્મનિવેદન કરતાં એ બ્રહ્મસમ્બન્ધદ્વારા શ્રીકૃષ્ણચન્દ્રજીના સાક્ષાત્સમ્બન્ધની યોગ્યતા થાય છે. તે પછી પ્રભુની સેવાથી અખણ્ડાનન્દ પરમ **નિધિ** શ્રીકૃષ્ણચન્દ્રજી પ્રાપ્ત થાય છે. જેને આવા **નિધિ** મળ્યા છે, તે જીવથી અર્પિત દ્રવ્યનો દુરુપયોગ ન થાય, તેમજ કોઇ દુષ્ટના સઙ્ગથી બુદ્ધિ ભ્રમિત થયે ભગવત્સેવામાંથી વિમુખ ન થવાઇ જાય, તે માટે સાવધાન રહેવું જોઇયે. વૈષ્ણવને ગુરુયે પધરાવેલા આ **નિધિ**માંજ અનન્યશરણની ભાવનાથી પ્રભુનો સાક્ષાત્કાર જીવ અનુભવી શકે છે. (શ્લોક ૧૦ મો).

આ સ્થિતિમાં મોટી અડચણ ઊભી કરનારા ચોર અને ધૂતારાઓ છે. શ્રીહરિરાયજી ચોરના બે પ્રકાર આપે છે: ૧. બ્હારના ચોર કુટુમ્બીયો અને ૨. અન્દરના ચોર, કામ, ક્રોધ, લોભ વગેરે. (શ્લો. ૧૨–૧૩).

૧. બ્હારનાં કુટુમ્બીયો જો વૈષ્ણવજ હોય અને તેને પોતાના અઙ્ગત સ્વાર્થ માટે કાંઇ પણ વાપરવાનું ન હોય; પરન્તુ ભગવત્સેવામાં ઉપયોગી થઇ પડતાં હોય તો તેઓ કદાપિ ચોર નથી: ભગવત્સેવામાં કદાચ ઉપેક્ષાવૃત્તિવાળાં હોય તો પણ ચોર નથી. પરન્તુ જો ભગવત્સેવામાં પ્રતિબન્ધ કરનારાં હોય તેમજ પ્રભુના દ્રવ્યમાંથી પોતાને માટે સ્વતન્ત્ર મોજશોખ માણવાની વૃત્તિવાળાં હોય, તો તે ચોર છે. એવાં કુટુમ્બીયોના અઙ્ગત ઉપભોગ માટે વાપરવામાં આવતું દ્રવ્ય નકામું જાય છે. (શ્લો. ૧૨.) આવા ચોરોથી બચવા માટે એજ ઉપાય કે આપણે તેનો ત્યાગ કરવો. (શ્લો. ૧૬) અથવા ભગવત્સેવાને અન્યત્ર પધરાવી આપણે નિશ્ચિન્ત થવું. યોગક્ષેમ ચલાવવાનાં જે સાધનો પ્રભુ આપણને માટે ઉપસ્થિત કરે, તે કરવાં; પરન્તુ તે પણ ભગવત્સેવામાંજ તે દ્રવ્યનો વિનિયોગ થાય તેવી દૃઢ માન્યતાથી. આવા ભગવદીયને નથી હોતો કાંઇ મોજશોખ કે નથી હોતાં કોઇ જાતનાં વ્યસનાદિ: એટલે અન્યથા રીતે દ્રવ્યનો અપવ્યય કરવાનો

સમયજ રહેતો નથી. આથી ભગવત્સેવામાં તે વધારે રત બની શકે છે. પોતાના અર્જીત ઉપભોગ માટે કાંઇજ ન હોઇ શકે, એવી ભાવના કેળવવાથીજ ખરી સિદ્ધિ છે.

૨. આ વસ્તુમાં બાધ કરનારા અન્દરના ચોર પણ છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, અસૂયા, શોક વગેરે ભયઙ્કર આન્તરિક ચોરોથી બચવાને માટે સવેળા તૈયાર રહેવૂંજ જોઇયે. આ ચોરો કુટુમ્બીયોની માફક વિત્ત હરનારા નથી. વિત્ત હરનારથી બચવાનૂં તો આપણા હાથમાં છે, પરન્તુ આ ચિત્તનૂં હરણ કરનારા ચોર તો બળાત્કારે સ્વાર થઇ આપણને મળેલી ભગવત્સેવામાં નડતર કરી આપણને બહિર્મુખ કરવાને શક્તિમાન થાય છે. આને માટે વિવેક, ધૈર્ય અને પ્રભુનો અનન્ય દૃઢ આશ્રય એ મુખ્ય ત્રણ હથિયારો છે. (શ્લો. ૧૫). આ હથિયારોના બળથી તેવા આન્તરિક ચોરોને દૂર કરવાના છે. આને માટે સારામાં સારૂં સાધન **ચિત્તનિરોધ** છે. ઇન્દ્રિયરૂપી ઘોડાઓ પોતપોતાના વિષયો તરફ દોરાઇ જાય, તેમાંથી અટકાવવાને **ચિત્તનિરોધ** જેવૂં પરમ સાધન નજ મળે. ચિત્તની ચઞ્ચલ વૃત્તિયોનો જેણે નિરોધ કર્યો છે, તેને કશી મૂંઝવણ નથી; તે ભગવત્સેવા બરોબર સાધી શકે છે.

આમ આ ઉભય પ્રકારના ચોરોને ટાળવા, એ આપણા હાથમાં ખરૂં; કેમકે—ચિત્તવૃત્તિયોનો નિરોધ એ જેમ મનુષ્ય ધારે તો તેના હાથમાંજ છે, તેજ પ્રમાણે દુષ્ટ કુટુમ્બીયોથી વેગળા થવાનૂં પણ મનુષ્ય ધારે તો તેના હાથમાં છે. પરન્તુ ભયઙ્કરમાં ભયઙ્કર પ્રતિબન્ધ તો દુઃસઙ્ગ છે. શ્રીમદાચાર્યશ્રી તો સઙ્ગનોજ ત્યાગ કરવાનૂં કહે છે—

“ **सङ्गः सर्वात्मना त्याज्यः स चेत्त्यक्तुं न शक्यते ।**
स सद्भिः सह कर्तव्यः सन्तः सङ्गस्य भेषजम् ॥ (स. नि. प्र.)

દરેક રીતે પૂરા દિલે હરકોઇ જાતના સઙ્ગનો ત્યાગ કરવો.

સઙ્ગનો ત્યાગ થઈ શકે તેમ ન હોય તો સત્પુરુષો સાથેજ સોબત બાંધવી; કારણ કે સઙ્ગનું ખરું ઔષધ સત્પુરુષોજ છે."

આ કલિકાળમાં કોણ સત્પુરુષ અને કોણ અસત્પુરુષ, એ જાણવું પણ મુશ્કેલી–ભરેલું છે. જેનાં દુર્વર્તનાદિ અતિ પ્રસિદ્ધ છે, તેવાઓને તો ઓળખવામાં મુશ્કેલી ન પડે, પરન્તુ જેઓ સત્પુરુષો જેવો ડોળ કરનારા ડોળઘાલૂ હોય છે, તેવાઓને ઓળખવા મુશ્કેલ છે. તેમાં પણ જો તેઓ વિદ્વાન હોય છે, તો તેને ઓળખવા અતિ મુશ્કેલ થઇ પડે છે. શ્રીહરિરાયજી આવાઓનેજ **વગ-ચક** કહે છે. ઊપર બતાવેલા ચોરો કરતાં પણ આ વગ-ચક દુષ્ટતર છે. આવા ડોળઘાલૂઓમાં બધાંજ ચિહ્નો સત્પુરુષ ભગદીય જેવાંજ હોય છે; એટલે તેને ખોળી કાઢવામાં મોટી મુશ્કેલી નડે છે. શ્રીહરિરાયજી આવાને શિકારી સાથે સરખાવી શિકારી કરતાં પણ ભયઙ્કર ચીતરે છે. (શ્લોક ૨૪–૨૫). જઙ્ગલમાં શિકારીયો મૃગોને ભોળવવાને માટે વાદ્યો ગોઠવે છે, અને પોતે છૂપાઇ તેવાં વાદ્યો બજાવે છે. સઙ્ગીતપ્રિય હરણો બિચારાં તે મીઠા વાદ તરફ ઘસડાઇ આવે છે, જ્યાં શિકારીયો તેમને મારી નાંખે છે. આ શિકારીયોનાં સ્વરૂપ વેષાદિ શિકારીનાંજ હોય છે; પરન્તુ આ ડોળઘાલૂ વગ-ચકોનાં સ્વરૂપ–વેષાદિ વગ-ચકનાં પોતાનાં નથી હોતાં; માત્ર દેખાડવા પૂરતાંજ સત્પુરુષોનાં ચિહ્ન ધારણ કરી લીધાં હોય છે. વળી બીજા ધર્મનો વગ-ચક હોય તેને ઓળખી શકાય, પણ પોતાનાજ માર્ગના વગ-ચકને ઓળખવામાં તકલીફ રહેલી છે (શ્લોક ૨૮). શ્રીહરિરાયજીનાં આ વચનો અતિ સાર્વદેશિક છે. ગમે તે ધર્મ કે ગમે તે સમ્પ્રદાય ગમે તે દેશમાં જઇ જુવો, ત્યાં સર્વત્ર આવા વગ-ચકો મળવાના. તેઓ બળાત્કારે વિમાર્ગમાં લઇ જતા નથી, પરન્તુ ખોટૂં સાચૂં સમઝાવી શાસ્ત્રોનાં, પૂર્વાચાર્યોનાં તેમજ ધર્મપ્રવર્તકોનાં વાક્યોના ઊલટાસૂલટા અર્થ કરી લોકોને ઉન્માર્ગમાં ધકેલી દિયે છે. દુનિયામાં ધર્મો અનેક છે. સહૂ સહૂ ધર્મવાળાઓ સ્વતન્ત્ર છે. તે તે ન્યાય અને નીતિના માર્ગનો

બોધ કરનારાઓ હોય, તેઓ કદાપિ **વગ-ચક** નથી, એ ભૂલાવૂં ન જોઇયે. પોતપોતાના માર્ગમાં રહી ભાઇઅન્ધોને ઊલટે માર્ગે દોરનારાજ ખરા વગ-ચકો છે, એટલેજ ન્યાય અને નીતિનો બોધ કરનારા ભિન્નભિન્ન માર્ગાવલમ્બી ધર્મપ્રવર્તકો ગુન્હેગાર નથીજ.

વગ-ચકમાં અને ખરા સત્પુરુષમાં મોટામાં મોટો તફાવતજ એ કે વગચકનૂં બધૂં કેવળ સ્વાર્થ અને સ્વકીય મોજશોખ માટે છે, જ્યારે સત્પુરુષનૂં સર્વ પરોપકાર અને બીજાંઓના લાભ માટે છે. વગ-ચક વગર-બોલાવ્યે લટૂપટૂ થઇ ઘેર આવવાનો, જ્યારે સત્પુરુષો બહુ વીનવતાં છતાં ભાગ્યેજ ઘેર પધારવાની કૃપા બતાવે. વગ-ચક મીઠા મીઠા શબ્દોથી ભોળવવાનો પ્રયત્ન કરતો હોય છે, અને પૂરેપૂરી રીતે સીસામાં ઊતારી પછીજ પોતાના સ્વરૂપનો પ્રકાશ કરે; સત્પુરુષ તો માત્ર બીજાઓનાં હિતકર કડવાં ઔષધ જેવાં આકરાં વચનો કહી ઊલટે માર્ગે જનારાને પણ સન્માર્ગની પ્રેરણા કરે. **વગ-ચક સદા સ્વાર્થમુગ્ધ દ્રવ્યલોભી હોય છે; સત્પુરુષ સદા નિરપેક્ષ અને પારકાનૂં ભલૂં કરવાની ઇચ્છાવાળો હોય છે.** (શ્લોક ૩૨) બન્નેમાં આ રૂહેલો મોટામાં મોટો તફાવત સમઝવાની બુદ્ધિ હોય તોજ આપણો બચાવ થઇ શકે.

અત્યારે આવા વગ-ચકો ઠેર ઠેર પડ્યા છે. ટીલાં-ટપકાં-ન્હાવૂં-ધોવૂં-બોલવૂં-ચાલવૂં, એમાં ક્યાંય પણ કચાશ ન આવવા દિયે. ભોળા આચાર્યોને તેમજ પોતાના ધર્મમાં આનન્દ લેનારા ભોળાં જનોને કેવળ પેટ માટે ઉન્માર્ગમાં ધકેલી સર્વ નાશ કરાવવામાંજ પોતાનૂં પરમ કર્તવ્ય સમઝનારા આવા વગ-ચકોથી સદૈવ ચેતતા રૂહેવૂં જોઇયે; નહીંતર કર્યૂં કારવ્યૂં બધૂં ધૂળ મળી જાય.

શ્રીહરિરાયજીના અનુભવમાં તત્કાલમાં એવા વગ-ચકો આવેલા જણાય છે, એટલેજ તેવાઓથી બચવાને માટે આ ગ્રન્થનૂં પોતાના માર્ગમાં રૂહેલા જીવોને ખુલાસો થવા રચન કર્યૂં છે. સામાન્ય નીતિવચન છે કેઃ—

“ **दुर्जनः परिहर्तव्यो विद्ययालङ्कृतोऽपि सन् ।**
मणिना भूषितः सर्पः किमसौ न भयङ्करः ॥

મહાન વિદ્વાન હોય છતાં પણ જો દુર્જન હોય તો તેનો ત્યાગ કરવો. વારૂ, સર્પ મણિથી ઝગમગી ઊઠેલો હોય, એટલાથી તે શૂં ભયઙ્કુર નથી ?”

શ્રીહરિરાયજી તો ત્યાંસૂધી કહે છે કે ખરો ભક્ત હોય છતાં પણ જો પાછળથી તેમાં કાંઇ પણ દૂષણ જોવામાં આવે તો તેનો પણ ત્યાગ કરી નાંખવામાં વિચાર ન કરવો. કલિના પ્રવાહમાં તણાયેલો પછી ગમે તેવો હોય, તેવાની સોબત છોડ્યેજ સન્માર્ગનૂં અવલમ્બન કરી શકાય (શ્લો. ૩૯).

આવા વગ-ચકોથી બચવા માટે શ્રીહરિરાયજીયે ત્યાંસૂધી કહ્યૂં છે કેઃ ગુરુ કરવો, તેમાં પણ પૂરતો વિચાર કરવો; આરમ્ભદશામાં મહાપુરુષ મારફત પ્રભુને શરણે જવૂં. તેવો મહાપુરુષ ન મળે તો પ્રભુનિષ્ઠ ભક્ત–દ્વારા પ્રભુને શરણે જવૂં. (શ્લોક ૭) વગ-ચકને વિશે ભગવદીયતાના ભ્રમથી તેમાં ભરોંસો કરી તેની સોબત કરવામાં આવે તો એવા અસત્પુરુષમાં સદ્ભાવ થઇ જવાથી જીવનો ભક્તિમાર્ગમાંથી પાત થાય. (શ્લો. ૨૦) અહીં તેઓશ્રી શ્રીવલ્લભાધીશ્વરના મતનો ઉલ્લેખ કરે છે કે–“**તત્ત્વાર્થ**દીપનિબન્ધના **સર્વ**નિર્ણય પ્રકરણમાં આજ માટે **कृष्णसेवापरं वीक्ष्य** એ કારિકામાં **वीक्ष्य** શબ્દથી પાકી તપાસ કરવાનૂં શ્રીમદાચાર્યચરણોયે ફરમાવ્યૂં છે.” (શ્લો. ૨૧)

રઙ્ગ છે શ્રીહરિરાયજીની ઉદારતાને; જેટલા ખુલ્લા દિલથી શ્રીમદાચાર્યચરણોયે **ગુરુવીક્ષણ** પર ભાર આપ્યો છે, તેથી પણ વિશેષ ખુલ્લા દિલથી શ્રીહરિરાયજીયે એ વાત ઊપર ભાર મૂક્યો છે. આ ઘોર કલિકાલમાં ગમે તેવા મહાનુભાવો પણ કાલના પ્રવાહમાં તણાઇ જાય, એ સ્વાભાવિક છે. શ્રીવલ્લભાધીશ્વર પ્રભુયે સન્ન્યાસ લીધો ત્યારે એજ માટે પુત્રો વગેરેને બહિર્મૂખ ન થવાનો ઉપદેશ

આપેલો, તેમજ શ્રીકૃષ્ણચન્દ્રજીના અનન્યશરણનો અનુરોધ કરેલો; આ માટેજ **ગુરુવીક્ષણ,** ઘણૂં આવશ્યક માનવામાં આવેલૂં જણાય છે.

આમ શ્રીહરિરાય મહાપ્રભુનો શબ્દેશબ્દ જીવોને ખરા માર્ગનો બોધ કરવાને શક્તિમાન છે. જેમને પ્રભુનૂં અનન્યશરણ સાધવૂં છે, આ કરાલ કલિકાલના ભયઙ્કર ઝપાટામાંથી ઊગરવૂં છે, તેણે તેઓશ્રીના એકેએક શબ્દને સમઝી જીવનમાં ઊતારવાનો પ્રયત્ન કરવો જોઇયે.

અન્તે અહીં દુઃસઙ્ગવિજ્ઞાનપ્રકારના છેલ્લા માર્ગદર્શક શ્લોકોમાં આપેલા અતિ ઉપયોગી ઉપદેશનો અનુવાદ આપી વિરમૂં છૂં:-

(શાર્દૂલવિક્રીડિત)

“સેવાતત્પર થૈ, કથાપ્રિય થતાં, સત્સઙ્ગને શોધતાં,
વ્યાપારો પર છોડતાં, પ્રભુ તણા ભાવે રસાવેશતા
ને દૈન્યે પ્રિયતા કરી, અસત જે આલાપ, તેને ત્યજ્યે,
અત્યાર્તિ પ્રભુદર્શને ઝટ લહો આચાર્યભક્તાશ્રયે.”

માંગરોલઃ તા. ૧૫-૯-૩૪
ભાદ્રપદ સુદિ ૭ શનિ
સાં. ૧૯૯૦

કેશવરામ કા. શાસ્ત્રી

ગ્રન્થમાં ચર્ચાયેલા વિષયોની
અનુક્રમણિકા

	વિષય	પૃષ્ઠ
૧	ઉપક્રમ	૧
૨	જીવ–પ્રકાર	૩
૩	દૈવ જીવોના પ્રકાર	૬
૪	ભિન્નભિન્ન જીવોનો ફલભેદ	૭
૫	ભક્તિમાં વરણ	૧૧
૬	ગુરૂપસત્તિ	૧૨
૭	આત્મસમર્પણ	૧૫
૮	નિધિની પ્રાપ્તિ	૧૭
૯	નિધિરક્ષણના ઉપાય	૧૮
૧૦	ચોરના પ્રકાર	૨૦
૧૧	ચોરોને ટાળવાના ઉપાય	૨૪
૧૨	વગ્ર-ચક્રનું બાહ્ય સ્વરૂપ	૨૭
૧૩	વગ્ર-ચક્રની જાળમાંથી બચવાના ઉપાય	૨૮
૧૪	વગ્ર-ચક્રનૂં આન્તરિક સ્વરૂપ	૪૦
૧૫	ઉપસંહાર	૪૬



श्रीकृष्णः ।

भक्तानां

दुःसङ्गविज्ञानप्रकारनिरूपणम्

[श्रीमद्गोस्वामिश्रीहरिरायजिद्रचितम्]

अथ श्रीवल्लभाचार्यकृपया स्फुरितं हृदि ।
स्वीयानामभ्रमार्थाय किञ्चिदत्र निरूप्यते ॥१॥

[અનુષ્ટુભ]

અથ—શ્રીવલ્લભાચાર્ય-કૃપાયે હૃદયે સ્ફુર્યૂં
ટાળવા ભ્રમ ભક્તોનો અહીં આ કાંઈ ઉચરૂં. ૧.

ભક્તોને માટે

દુઃસઙ્ગવિજ્ઞાન-પ્રકાર-નિરૂપણ

[ગો. શ્રીહરિરાયજીયે રચેલૂં]

૧. ઉપક્રમ

ભક્તિમાર્ગમાં જેનૂં વરણ થયૂં છે, તેવા પરમ ભાગ્યશાળી ભક્તોને ભક્તિમાં કોઇ પણ જાતનો પ્રતિબન્ધ ઉત્પન્ન થાય તો તેથી ભક્તિમાર્ગમાંથી ભ્રષ્ટ થવાનો સમ્ભવ રૂહે છે. આવા પ્રતિબન્ધોમાં ભયઙ્કર પ્રતિબન્ધ દુઃસઙ્ગ છે. **શ્રી**હરિરાયજીયે પરમ કૃપા બતાવી દુઃસઙ્ગનૂં સારી રીતે જ્ઞાન થાય તેવા ઉદ્દેશથી આ ગ્રન્થની રચના કરી છે, જેથી ચેતી ભક્ત માર્ગમાં નડતા આ અતિ ભયઙ્કર પ્રતિબન્ધથી જાતને બચાવી લેવા શક્તિમાન થાય. પ્રભુનો જેના ઊપર પરમ અનુગ્રહ છે, તેવા જીવને તો કોઇ પણ જાતના પ્રતિબન્ધો બાધક નથી; પરન્તુ આવો જીવ કોણ છે, તે તે જીવ પોતે પણ ભગવત્કૃપા હોય તોજ સમઝી શકે છે. આમ **ભક્તિમાર્ગ**માં જેનો

दैवासुरविभागेन द्वेधा जीवाः प्रकीर्तिताः ।
बन्धमोक्षव्यवस्थापि गीतायामेव रूपिता ॥२॥

પ્રવેશ છે, તેવા કોઇ પણ જીવને મૂંઝામણ ઉત્પન્ન ન થાય, એ ઉદ્દેશને ખ્યાલમાં રાખી આ ગ્રન્થનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

અન્વયાર્થ—(अथ) અત્યારે (श्रीवल्लभाचार्यकृपया) શ્રીવલ્લભાચાર્યજીની કૃપાથી (हृदि) હૃદયમાં (स्फुरितं) જેની સ્ફુરણા થઈ છે તેવું (किञ्चित्) કાંઇક (स्वीयानां) અમારાઓને (अभ्रमार्थाय) ખુલાસો થવા માટે (अत्र) **અહીં** (निरूप्यते કહેવામાં આવે છે.

વિવરણ—**શ્રી**હરિરાયજીએ જીવોને ઉપકારક એવા અનેક ગ્રન્થો આ પૂર્વે કહેલા છે; હવે અત્યારે આ નવા ગ્રન્થનો આરમ્ભ કરે છે. આ ગ્રન્થ કહેવામાં પ્રયોજન **શ્રી**મદ્વલ્લભાધીશ્વર પ્રભુની દયા છે. શ્વેતાશ્વતર ઉપનિષદમાં કહેવામાં આવ્યું છે કે—" જેને પરમદેવ પુરુષોત્તમમાં ઉત્કટ ભક્તિ છે, જેવી પ્રભુમાં તેવીજ પોતાના ગુરુમાં ભક્તિ છે, તે મહાત્માનેજ પરમ અર્થનો પ્રકાશ થાય છે." (શ્વે. ૬-૨૩). **ભક્તિ**માર્ગના પરમાચાર્ય **શ્રી**મદ્વલ્લભાચાર્યજી છે. એ પરમાચાર્યની કૃપા હોય તોજ **ભક્તિ**માર્ગનું રહસ્ય જીવ જાણી શકે, અન્યથા નહીં. **શ્રી**હરિરાયજી જેવા મહાનુભાવ વિદ્વાન પણ **ભક્તિ**માર્ગનું જ્ઞાન થવામાં **ભક્તિ**માર્ગના ઉપદેષ્ટા **શ્રી**મદ્વલ્લભાચાર્યજીનું શરણજ હેતુભૂત સમજે છે. આવી અદ્ભુત ગુરુ-શરણભાવના હોય તોજ નિજ માર્ગના ખરા મર્મને જાણવા જીવ સમર્થ થઈ શકે. **અહીં** જે કહેવાનો આરમ્ભ કરવામાં આવે છે તે પોતાના શરણે આવેલા જીવો **ભક્તિ**માર્ગમાંથી ભ્રષ્ટ ન થઈ જાય, તે માટે. શરણસ્થ જીવોના ભ્રમનું નિરાકરણ કરવું એ ગુરુઓની અસાધારણ ફરજ છે. શરણે લેનાર ગુરુની કેટલી જબ્બર જવાબદારી છે, તે **શ્રી**હરિરાયજીના આ દૃષ્ટાન્તમય વર્તનથી સમજી શકાશે. ૧.

દૈવ-આસુર, એ ભેદે જીવોના બે પ્રકાર છે;
બન્ધ-મોક્ષ વ્યવસ્થાયે ગીતા માંહે કહેલ છે. ૨.

---

૨. જીવપ્રકાર

બધાજ જીવો કાંઇ **ભક્તિમાર્ગ**ના અધિકારી હોતા નથી, તે કહેવાની ઇચ્છાયે પ્રથમ **ગીતા**માં વર્ણવાયેલા જીવોનો પ્રકાર બતાવે છેઃ-

અન્વયાર્થ—(जीवाः) જીવો (दैवासुरविभागेन) દૈવ અને આસુર એવા વિભાગે (द्वेधा) બે પ્રકારના (प्रकीर्तिताः) કહેવામાં આવ્યા છે. (બન્ને પ્રકારના જીવોની) (बन्धमोक्षव्यवस्था) બન્ધ અને મોક્ષની વ્યવસ્થા (अपि) પણ (गीतायां) **ગીતા**માં (एव) જ (रूपिता) કહેવામાં આવી છે.

વિવરણ—ઉપનિષદમાં એવું પ્રાપ્ત થાય છે કે-“ જે પ્રમાણે સારી રીતે પ્રજ્વળી ઉઠેલા અગ્નિમાંથી નાના અનેક તણખાઓ બ્હાર નીકળે છે, તે પ્રમાણે તે પરમાત્મામાંથી રમણીયચરણ (=દૈવી) અને કુપૂયચરણ (=આસુર) એવા] બધા પ્રાણ, બધા લોક, બધાજ આત્માઓ બ્હાર નીકળે છે (=આવિર્ભાવ પામે છે.) ” છાન્દોગ્ય ઉપનિષદમાં (૫-૧૦-૭) જેને **રમણીયચરણ** અને કુપૂયચરણ કહ્યા છે, તેનેજ **શ્રી**મદ્‌ભગવદ્‌ગીતામાં **પ્રભુ**યે અનુક્રમે દૈવ અને **આસુર** જીવો કહ્યા છે. “ આ લોકમાં બે જાતની પ્રાણીયોની સૃષ્ટિ છેઃ એક દૈવ, બીજી **આસુર** ” (ભ. ગી. ૧૬-૬). “ દૈવી સમ્પત્તિવાળા જીવો મોક્ષ પામે છે, જ્યારે આસુરી સમ્પત્તિવાળા જીવો સંસારમાં બન્ધ પામે છે. ” (ભ. ગી. ૧૬-૫). “ આસુરી યોનિને પ્રાપ્ત થયેલા મૂઢ લોકો, હે કૌન્તેય ! મને ન પામીને અતિ અધમ એવી ગતિને પામે છે. ” (ભ. ગી. ૧૬-૨૦) આ બન્ને પ્રકારના જીવોને કેવી રીતે ઓળખવા ? **પ્રભુ**યે **ગીતા**માં આ બન્ને પ્રકારના જીવોનાં લક્ષણો આપ્યાં છે—

૧. દૈવી જીવોનાં લક્ષણ—નિર્ભયતા, અન્તઃકરણની શુદ્ધિ, આત્મજ્ઞાન અને પ્રભુમાં એકાગ્રતા-તેમાં પરાયણતા, દાન, ઇન્દ્રિયો

दैवेष्वपि च जीवेषु यदङ्गीकरणं पुनः ।
भक्तिमार्गे, त एवात्र प्राप्स्यन्ति पुरुषोत्तमम् ॥३॥

ઊપર કાબૂ, યજન, વેદાધ્યયન અથવા પ્રભુનામજપ, તપ, સરલતા, અહિંસા, સત્ય, ક્રોધરહિતપણું, ત્યાગ, શાન્તિ, એકની એબ બીજા પાસે ખુલ્લી ન કરવાપણું, પ્રાણીયો ઊપર દયા, લોલુપતા–રહિતપણું, કોમલતા, લજ્જા, ચઞ્ચલતાનો અભાવ, તેજ, ક્ષમા, ધીરજ, પવિત્રતા, દ્રોહ ન કરવાપણું, અતિમાનનો અભાવ; આ છવીસ લક્ષણો દૈવી જીવોનાં છે. (ભ. ગી. ૧૬–૧, ૨, ૩.)

૨. આસુર જીવોનાં લક્ષણઃ—દમ્ભ (પોતે ધર્માદિ કાંઇ ન પાળતો હોય છતાં ડોળ કરે તે), દર્પ (થોડું હોય છતાં વધૂ દેખાડવાપણું), અભિમાન (પોતા પાસે ધર્માદિ હોય, તેટલૂં બતાવી બીજા પાસેથી માનની આશા), ક્રોધ, અત્યન્ત કઠોરતા અને અજ્ઞાન; આ મુખ્ય ૭ લક્ષણો. (ભ. ગ. ૧૬–૪)

આસુરી સમ્પત્તિના જીવો શાસ્ત્રમાં ક્હેલી પ્રવૃત્તિ અને શાસ્ત્રનિષિદ્ધ કર્મોના ત્યાગ–નિવૃત્તિને જાણતા નથી. તેઓમાં નથી પવિત્રતા, નથી આચાર કે નથી હોતૂં સત્ય; (૭) તેઓ આ જગતને મિથ્યા, ધર્મ–અધર્મરૂપી વ્યવસ્થા વિનાનૂં, કોઇ આ જગતનો શાસન કરનાર નથી તેવૂં, પ્રવાહબન્ધ ચાલ્યૂં આવતૂં અનાદિ, માત્ર વિષયોના ભોગ માટેજ રહેલૂં. (૮) (સરખાવો અત્યારનો જડ સુધારો.) માત્ર લૌકિક દૃષ્ટિનો આશ્રય કરી નષ્ટ સ્વભાવવાળા, કમઅક્કલ, હિંસાત્મક કર્મો કરનારા અને બધાંનૂં ભૂંડૂં કરનારા, તેવા આસુરો જગતનો નાશ કરવાની પ્રવૃત્તિજ કરતા હોય છે. (૯) દમ્ભ, માન અને અહઙ્કારથી યુક્ત એવા આ જીવો મહાકષ્ટે જેની પૂર્તિ કદાચ થાય તેવા વિષયભોગ યા કામદેવનો આશ્રય કરી મોહને લીધે અત્યન્ત દુષ્ટ આગ્રહને પકડી રાખી અપવિત્ર વ્રતવાળા થઇ આ લોકમાં રઝડે છે. (૧૦) માત્ર શબ્દ, સ્પર્શ, રૂપ,

[ગીતિ]

***દૈવી જીવ છતાંયે જેનો સ્વીકાર ભક્તિમાર્ગ મહીં,**
પુરુષોત્તમને પામે કેવળ તે જીવ વિશ્વમાંજ અહીં. ૩.

રસ ને ગન્ધ, એ ઇન્દ્રિયોના વિષયોને પરમ પુરુષાર્થ માનનારા તથા વિષયભોગજ સર્વશ્રેષ્ઠ છે, તેમ માનનારા આ અપાર મૃત્યુ પર્યન્તની ચિન્તામાં ગરકાવ થઈ ગયેલા હોય છે. (૧૧) આશાઓના સેંકડો પાસલાઓથી જકડાયેલા, માત્ર કામ-ક્રોધમાંજ પરાયણ, એવા તે જીવો વિષયોપભોગ માટેજ અન્યાયથી દ્રવ્યાદિ એકઠૂં કરવાની હિલચાલ કર્યાં કરે છે. (૧૨) 'આટલૂં આ ધન મેં આજ પેદા કર્યૂં; આ મારો અમુક મનોરથ આજ પાર પાડીશ; આટલૂં આ તો મારી પાસે છે; આટલૂં પણ વળી ફરી મારા કબજામાં આવશે; (૧૩) આ શત્રુનો મેં ઘાટ ઘડી નાખ્યો; બીજાઓનો પણ કૂટો કાઢી નાખીશ; હૂં સર્વનો સ્વામી છૂં; હૂં ભોગી છૂં; સિદ્ધ છૂં; બલવાન ને સુખી છૂં; (૧૪) હૂં માલદાર છૂં; ઓહો કેટલાં મારે સગાંઓ છે! મારી સરખામણીમાં ઊભે એવો બીજો કોણ છે? હૂં યજ્ઞો કરીશ; હૂં દાન આપીશ; હૂં મોજશોખ માણીશ,' આવા પ્રકારના અજ્ઞાનથી મુગ્ધ થયેલા, (૧૫) અનેક વિષયોમાં ચિત્ત રોકેલૂં હોવાથી ભ્રમિત થઈ ચૂકેલા, મોહના જાળામાં ફસાયેલા અને વિષયભોગમાં રચ્યાપચ્યા રહેતા એવા તે આસુરજીવો અપવિત્ર એવા નરકમાં પડે છે. (૧૬) મનથીજ પોતાને મોટા માની બેઠેલા, ઉદ્ધત, ધન-અભિમાન-મદવાળા એવા તેઓ દમ્ભપૂર્વક વિધિ વિનાના યજ્ઞો વડે દેવતાઓને પૂજે છે. (૧૭) અહઙ્કાર, બળ, દર્પ, કામ અને ક્રોધનો આશ્રય કરી રહેલા એવા તેઓ પોતામાં તેમજ બીજાઓમાં રહેલા એવા હૂં-પરમાત્માનો દ્વેષ કરે છે અને નિન્દા કરે છે. (૧૮) આવા દ્વેષી, ક્રૂર અશુભ નરાધમોને સંસારમાં આસુરી યોનિમાં વારંવાર ફેકૂં છૂં. (વિવરણ પાને ૬ ઠ્ઠે.)

तत्रापि भेदो विज्ञेयो मर्यादापुष्टिभेदतः ।
मार्गे, फलेऽपि विज्ञेयो भक्तिमोक्षविभेदतः ॥४॥

આસુરી યોનિને પામેલા જીવોનો કદાપિ ઉદ્ધાર નથી. દૈવી જીવો આસુરી યોનિમાં ન ફસાઇ જાય, તે માટે સદા સાવધાન રહેવું જોઇયે. ૨.

૩. દૈવ જીવોના પ્રકાર

દૈવી જીવોમાં પણ બધાયનો ભક્તિમાર્ગમાં અધિકાર નથી, તે બતાવતાં કહે છે કે—

અન્વયાર્થ–(च) અને (दैवेषु) દૈવી (जीवेषु) જીવોમાં (अपि) પણ (पुनः) વળી (भक्तिमार्गे) ભક્તિમાર્ગમાં (यदङ्गीकरणं) જેનો સ્વીકાર છે. (ते) તેઓ (एव) માત્ર (अत्र) આ જગતમાં (पुरुषोत्तमं) શ્રીપુરુષોત્તમને (प्राप्स्यन्ति) પામશે.

વિવરણ—દૈવી જીવોના ઉદ્ધારને માટે ચાર માર્ગો છેઃ ૧. કર્મ, ૨. જ્ઞાન, ૩. ઉપાસના અને ૪. ભક્તિ. કર્મમાર્ગીયો યજ્ઞાદિ વિહિત કર્મોનાં ફળ ભોગવવા સ્વર્ગાદિ લોકને પામે છે. કર્મોપભોગ બાદ ફરી મૃત્યુલોકમાં આવે છે. આમ તેઓને અવરજવર થયા કરે છે; શાશ્વત મુક્તિ મળતી નથી. (ભ. ગી. ૯–૨૧) જ્ઞાનમાર્ગી ઘણા જન્મોને અન્તે મારે શરણે આવવા યોગ્ય બને છે. (ભ. ગી. ૭–૧૯) શાસ્ત્રમાં નિર્દિષ્ટ પૂજામાર્ગ પ્રમાણે ઉપાસના* કરનારાઓને

---

* ઉપાસના–માર્ગમાં મૂર્તિના સુખનો વિચાર નથી. ગમે તે ઋતુ, ગમે તે સમય એકજ વિધિથી મૂર્તિની પૂજા કરવામાં આવે છે; જ્યારે ભક્તિમાર્ગમાં મૂર્તિમાં ભગવદ્ભાવ રાખવામાં આવે છે. પ્રભુ તે તે સ્વરૂપદ્વારા જીવનો ઉદ્ધાર કરનારા થાય છે. ભક્તિમાર્ગમાં ઋતુ–ઋતુને અનુસરી જુદાં જુદાં વસ્ત્રો, ભોગ વગેરે પ્રભુને અર્પણ કરવામાં આવે છે. ઉપાસના–માર્ગમાં વિધિ પૂરો થયે મૂર્તિમાં આવાહન કરી પધરાવેલા દેવનું વિસર્જન કરવામાં આવે છે; જ્યારે ભક્તિમાર્ગમાં

[અનુષ્ટુભ]

મર્યાદા–પુષ્ટિ, બે રીતે ભક્તિમાં ભેદ જાણવો,
મોક્ષ ને ભક્તિ, એ ભેદે ફલેયે ભેદ જાણવો. ૪.

પ્રતિમામાં ભગવદ્‌ભાવ ન હોવાથી ક્ષણિક લોકને પામવા ભાગ્યશાળી થાય છે. બધૂંજ છોડીને કેવળ અનન્ય ભક્તિથી પરપુરુષ પુરુષોત્તમનૂં અનન્ય શરણ મેળવવા ભાગ્યશાળી થયા છે, તેઓ શાશ્વત શાન્તિના અધિકારી થાય છે. અનેક જન્મને અન્તે જ્ઞાનીયો મોક્ષ મેળવવા શક્તિમાન થાય છે; પરન્તુ તેઓ અક્ષર બ્રહ્મનેજ પામી શકે છે; જ્યારે અનન્ય ભક્તિથી પ્રભુને શરણે ગયેલાઓ વિપશ્ચિત (પૂર્ણ–બ્રહ્મ) બ્રહ્મ સાથે સાયુજ્ય પામી પ્રભુના અપરિમિત આનન્દના ભાગી થાય છે. (તૈત્તિરીય ૨–૧) " જેટલો અને જેવો હૂં છૂં તેનૂં તત્ત્વપૂર્વક ભક્તિથી ભક્ત જ્ઞાન મેળવે છે. તત્ત્વપૂર્વક મારૂં જ્ઞાન મળ્યા પછી મારામાં તે પ્રવેશ કરે છે; હમ્મેશાં મારૂંજ શરણ રાખીને બધાં કર્મો કરતો (પ્રભુને નિવેદી સર્વ કર્મ કરતો) મારી કૃપાથી શાશ્વત અવ્યય પદને પામે છે. " (ભ. ગી. ૧૮–૫૫, ૫૬) "પ્રભુ પ્રવચન, બુદ્ધિ અને અનેક ગ્રન્થોનાં અધ્યયન–શ્રવણ વગેરેથી નથી મળતો; જેના ઊપર પ્રભુ અનુગ્રહ કરે છે (જેને પોતાનો કરવા વરણ કરે છે) તેજ જીવ પ્રભુને પામી શકે છે. (કઠ. ૧–૨–૨૫)૩.

૪. ભિન્ન ભિન્ન જીવોનો ફલભેદ

ઊપર દૈવી જીવોના જે ચાર પ્રકાર આપ્યા, તે મુખ્ય બે પ્રકારમાં વિભક્ત છે. તેમાં કર્મ, જ્ઞાન અને ઉપાસનાના અધિકારીયો એક પ્રકારમાં અને પ્રભુના અનન્ય શરણને પામી સર્વ કર્મોના ત્યાગપૂર્વક ભક્તિ કરનારા બીજા પ્રકારમાં સમાવિષ્ટ થાય છે. તે બીજો પ્રકાર બતાવવા કહેવામાં આવે છે કે—

અન્વયાર્થ—(तत्र) ત્યાં (मार्गे) ભક્તિમાર્ગમાં (अपि) પણ (मर्यादापुष्टिभेदतः) મર્યાદા અને પુષ્ટિ એ ભેદે (भेदः) ભેદ (विज्ञेयः)

भक्तावङ्गीकृत्यभावे दैवानामपि सर्वथा ।
कामनिष्कामभेदेन स्वर्गमोक्षौ न संशयः ॥५॥

જાણવો. (फले) ફળમાં (अपि) પણ (भक्तिमोक्षाविभेदत:) પુષ્ટિમાર્ગીયોને ભક્તિ અને મર્યાદામાર્ગીયોને મોક્ષ એ ભેદે ભેદ જાણવો.

વિવરણ—ભક્તિના બે પ્રકાર છેઃ ૧. મર્યાદામાર્ગીય અને ૨. પુષ્ટિમાર્ગીય. શાસ્ત્રોમાં કહેલા વિધિના આધિક્યથી જ્યાં ભક્તિ કરવામાં આવે છે, તે માર્યાદિકી ભક્તિ. જ્યાં શાસ્ત્રોનૂં ગૌણપણૂં અને ભગવત્પ્રેમનૂંજ આધિક્ય છે, તે પુષ્ટિમાર્ગીય ભક્તિ. આ બન્ને ભક્તિનાં ફળ પણ જુદાં છેઃ મર્યાદામાર્ગીય ભક્તો મોક્ષ મેળવવાના ધ્યેયથી પ્રભુભક્તિ કરતા હોય છે, જ્યારે પુષ્ટિમાર્ગીયો કેવળ પ્રભુની ભકિતજ મળે, એવા હૃદયે પ્રભુ ભકિતમાં મસ્ત બને છે. "મારા ભક્તોને હૂં મોક્ષાદિ દઉં તે પણ લેતા નથી; માત્ર મારી સેવાનીજ તેઓ વાંચ્છના કરે છે. (ભા. ૩–૨૯–૧૩). મર્યાદા-પુષ્ટિનો મુખ્ય ભેદજ એ કે-જ્યારે **મર્યાદામાર્ગ** સાધનો ઊપર અવલમ્બન કરી રહ્યો છે, ત્યારે પુષ્ટિમાર્ગ કેવળ નિ:સાધનતા ઊપરજ અવલમ્બેલો છે. કેવળ પ્રભુનૂં અનન્ય શરણ રાખી કોઇ પણ જાતનાં સાધનો કર્યાં સિવાય ભકિત કરનારાઓ પછી ગમે તે કોટિના હોય છતાં તેઓ પર ગતિને મેળવવા ભાગ્યશાળી થાય છે. "મારો આશ્રય કર્યો હોય ને પછી ભલે તે પાપ યોનિમાં જન્મેલો હોય, સ્ત્રી હોય, વૈશ્ય હોય કે શૂદ્ર હોય છતાં પરમ ગતિને પામે છે." (ભ. ગી. ૯–૩૨) "જેઓ બધાં કર્મોને મારામાં અર્પણ કરી, મારામાંજ એકતાન બની અનન્ય યોગ (ભક્તિમય એકતા) થી મારૂં ધ્યાન કરતાં ભજન કરે છે, તે મારામાં જેણે પોતાનાં ચિત્ત પરોવી દીધાં છે, તેવાઓનો આ મૃત્યુસંસારરૂપ સાગરમાંથી સવેળા ઉદ્ધાર કરનારો થાઉં છૂં (ભ. ગી. ૧૨–૬. ૭) **મર્યાદા-**

[ગીતિ]

દૈવી જીવ છતાં, ના જેનો સ્વીકાર ભક્તિમાર્ગ મહીં,
સકામ ને નિષ્કામજ, સ્વર્ગ અને મોક્ષ; સ્હેજ શંકું નહીં. ૫.

માર્ગીય દૈવ જીવોનૂં ધ્યેય મોક્ષ હોવાથી, તેઓ ભક્તિનાં ફળરૂપે **મોક્ષ** મેળવે છે; જ્યારે પુષ્ટિમાર્ગીય જીવોનું ધ્યેય માત્ર પ્રભુની ભક્તિ એજ હોવાથી, તેમને ફળરૂપ **ભક્તિ**જ પ્રાપ્ત થાય છે. ૪.

જેઓ આ બીજા પ્રકારમાં સમાવિષ્ટ નથી, તેવા દૈવી જીવોની સ્થિતિ બતાવતાં કહેવામાં આવે છે કે—

અન્વયાર્થ—(दैवानां) દૈવી જીવોને (अपि) પણ (सर्वथा) બધી રીતે (भक्तौ) ભક્તિમાર્ગમાં (अङ्गीकृत्यभावे) અઙ્ગીકાર ન હોવાને લીધે (कामनिष्कामभेदेन) સકામ અને નિષ્કામ એ ભેદે કરી અનુક્રમે (स्वर्गमोक्षौ) સ્વર્ગ અને મોક્ષ મળે છે; તેમાં (संशयः) શઙ્કા (न) નથી.

વિવરણ—ઊપર બતાવવવામાં આવેલા પ્હેલા પ્રકારમાં કર્મ, જ્ઞાન અને ઉપાસના કરનારા જીવોનો સમાવેશ છે. આ જીવોનો ભક્તિમાર્ગમાં સ્વીકાર નથી થયો હોતો, એટલેજ કર્મજ્ઞાન અને ઉપાસના એ માંહેલાં હરકોઇ એકનો આશ્રય કરી રહ્યા હોય છે. આમ એ ત્રણ માર્ગમાંથી ગમે તે માર્ગમાં તેની પ્રવૃત્તિ હોય છે. આ અધિકારીયો સર્વથા સન્માર્ગાવલમ્બીજ હોય છે, કેમકે તેમ ન હોય તો તેઓ આસુર વિભાગમાંજ સમાઇ જાય. આ અધિકારીયોમાં પણ તેમના તે તે કર્તવ્યને ઉદ્દેશીને બે પ્રકાર છે: જેઓ સકામ કર્મો ફળની આશાયે કરી રહ્યા હોય છે, તેઓ સ્વર્ગાદિ લોકોના અધિકારી થાય છે, જ્યાં પોતાના કર્તવ્યોનાં ફળોનો ભોગ કર્યે ફરી પાછાં મૃત્યુલોકમાં અવતરણ લેવાં પડે છે. તેથી ઊલટૂં ફળાશાનો ત્યાગ કરી જેઓ નિષ્કામ કર્મોમાં પ્રવૃત્તિ કરે છે, તેઓ મોક્ષના અધિકારી થાય છે. અહીં સરલતા માટે જીવોના પ્રકાર


જીવ
દૈવ
આસુર
પુનરપિ જનન અને મરણ
અનુદ્ધાર
ભક્તિમાં અઙ્ગીકૃત
ભક્તિમાં અનઙ્ગીકૃત
ુષ્ટિમાર્ગીય
મર્યાદામાર્ગીય
કર્મમાર્ગીય
જ્ઞાનમાર્ગીય
ઉપાસનામાર્ગીય
ળ=ભક્તિ
ફળ=મોક્ષ
સકામ
નિષ્કામ
સકામ
નિષ્કામ
સકામ
નિષ્કામ
ફળ=સ્વર્ગ
મોક્ષ
સ્વર્ગ
મોક્ષ
સ્વર્ગ
મોક્ષ
શુદ્ધ
મિશ્ર
પુષ્ટિમિશ્ર
મર્યાદામિશ્ર
પ્રવાહમિશ્ર

विज्ञेयं वरणं भक्तौ तदर्थित्वैककार्यतः ।
तदर्थित्वं च विज्ञेयं भजनार्थप्रवृत्तितः ॥६॥

'માત્ર પ્રભુ એ અર્થજ', તેમ કર્યે જાણ્ય ચૂંટણી ભજને.
'માત્ર પ્રભુ એ અર્થજ'–તેમ સમજ, જો પ્રવૃત્તિ છે ભજને. ૬.

ફળ—ચારેયને અધિકાર મુજબ **ભક્તિજ.** (**સેવાનાં** જે ત્રણે ફલ અલૌકિક સામર્થ્ય. સાયુજ્ય **અને** વૈકુણ્ઠાદિકમાં અલૌકિક દેહ, એ ભજનાનન્દના અનુભવમાંજ પર્યવસિત છે.)

પુષ્ટિમાર્ગીય જીવોને પ્રભુના ભજન સિવાય બીજા કશાની અપેક્ષાજ નથી; જ્યારે અન્યમાર્ગીય જીવોને તે તે ફળની અપેક્ષા હોય છે. એમાં પણ સદ્‌ભાગ્યવશાત્ જે નિરપેક્ષ છે, તેને તો મોક્ષ મળે છે, પણ જેવો સાપેક્ષ છે, તેઓને જન્મ મરણ ચાલૂજ રહે છે, પછી ભલે થોડો સમય સ્વર્ગાદિનાં સુખ ભોગવી આવે. ૫.

૫. ભક્તિમાં વરણ

પૂર્વે કહેવામાં આવ્યું છે કે–' **ભક્તિમાર્ગ**માં જેનો અઙ્ગીકાર છે, તેવા દૈવી જીવોજ પુરુષોત્તમને પામે છે.' અહીં સ્વાભાવિક શઙ્કા થાય કે અમુક જીવનો ભક્તિમાર્ગમાં સ્વીકાર યાને વરણ પ્રભુ તરફથી થયું છે કે નહીં, તેનું જ્ઞાન કેવી રીતે થાય ? તેનો ખુલાસો કરતાં કહેવામાં આવે છે—

અન્વયાર્થ—(तदर्थित्वैककार्यतः) તે પરમાત્માજ જેમાં અર્થરૂપ છે, તે એક કાર્યથી (भक्तौ) ભક્તિમાર્ગમાં (वरणे) પસન્દગી (વરણી, ચૂંટણી, સ્વીકાર) (विज्ञेयं) જાણવી. (च) અને (तदर्थित्वं) તે પરમાત્માજ જેના અર્થરૂપ છે, તેવું હોવાપણું (भजनार्थप्रवृत्तितः) ભક્તિને માટે પ્રવૃત્તિ આદરવાથી (विज्ञेयं) જાણવું.

વિવરણ—મનુષ્યો જગતમાં ચાર પ્રકારના પુરુષાર્થની સિદ્ધિ માટે યત્ન કરે છે. તે ચાર પુરુષાર્થ અનુક્રમે ૧. ધર્મ, ૨. અર્થ, ૩.

तत्रादौ शरणं गच्छेन्महापुरुषयोगतः ।
महापुरुषपारोक्ष्ये तन्निष्ठैरपि सर्वदा ॥७॥

કાંઇ પણ પ્રાપ્ત કરવાનૂં નથી રહેતૂં. જે ખરા ભક્તિમાર્ગીય જીવો છે, તેને પણ આ ચાર પુરુષાર્થ સિદ્ધ કરવાના તો ખરાજ, પણ ભેદ એટલો છે કે બીજાઓ જ્યારે એ પુરુષાર્થ માંહેલા હરકોઇ એકને સાપેક્ષ દૃષ્ટિથી મેળવવાને પ્રયત્ન કરી રહ્યા હોય છે, ત્યારે ભક્તિમાર્ગીય જીવો એ ચારે પુરુષાર્થ પ્રભુ માટેજ મેળવવા યત્ન કરે છે; પ્રભુભજનમાં ઉપયુક્ત થાય તે રીતે એ ચારેય પુરુષાર્થને સાધે છે. આવા ભક્તને પ્રભુજ એ ચારે પુરુષાર્થરૂપ થાય છે. આમ સ્વાભાવિક રીતે ભક્તોનો પુરુષાર્થ પ્રભુજ થઇ રહે છે. પ્રભુજ જેના પુરુષાર્થરૂપ થઇ રહે છે, તેવા જીવનોજ ભક્તિમાર્ગમાં સ્વીકાર છે, તે આ ઉપરથી તરત સમઝી શકાશે. ભગવન્મન્દિરો વગેરેમાં આપણે જોઇયે છિયે કે અનેક લોકો આવી આવીને કાંઇ અને કાંઇ કાર્ય કરતાં હોય છે. આવા લોકોના બે ભેદો આપણે તરત પકડી શકશું: જેઓ નિરપેક્ષ વૃત્તિથી મન્દિરોમાં આવી સેવા કરતાં હોય છે તે એક પ્રકાર અને જેઓ દ્રવ્ય, પગાર વગેરે બદલો મેળવી નોકરી બજાવતાં હોય છે, તે બીજો પ્રકાર. આમાંના પ્હેલા પ્રકારના જીવો માત્ર ભગવદ્ધેતુક કર્મોજ કરતા હોય છે, તેઓ ભક્તિના યા તો પ્રભુસેવાના અધિકારી થાય છે. જેઓ માત્ર પેટને માટે કર્મો કરનારા હોય છે તેઓને ભગવદ્ભજન સાથે કાંઇ પણ પડી હોતી નથી. આમ કોને પ્રભુ મેળવવા તરફ વૃત્તિ છે અને કોને વૃત્તિ નથી, તે ઓળખી શકાશે. ભગવદ્ભજનમાં પ્રવૃત્તિ એ પ્રભુપ્રાપ્તિનૂં ચિહ્ન છે. એ પ્રવૃત્તિને લીધેજ પ્રભુયે બાંહ્યડી હવે ઝાલી છે, એમ જાણી શકાય ૬.

૬. ગુરૂપસત્તિ

પ્રભુના અનુગ્રહથી ભજનમાં પ્રવૃત્તિ શરૂ થયા પછી પણ આપણે જગતમાં રહેલાં હોવાથી અનેક અડચણો આવ્યે આપણને તે

[અનુષ્ટુબ]

આરમ્ભે સદ્ગુરુદ્વારા પ્રભુને શરણે જવૂં.
તેવો મળે ન, હમ્મેશાં પ્રભુનિષ્ઠ થકી જવૂં. ૭.

માર્ગમાંથી ખસી જવાનો પ્રસઙ્ગ આવે, તેવે સમયે જો કોઇ આપણને તેવી અડચણોના ખરા સ્વરૂપનો બોધ કરનારો મળી આવે, તો મુશ્કેલી દૂર થાય. તે માટે શૂં કરવૂં? તેનો ખુલાસો આપવામાં આવે છે—

અન્વયાર્થ—(तत्र) ભજનને માટે પ્રવૃત્તિ થાય ત્યાં (आदौ) આરમ્ભમાં (महापुरुषयोगतः) મહાપુરુષદ્વારા (शरणं) પ્રભુને શરણે (गच्छेत्) જવૂં. (महापुरुषपारोक्ष्ये) તેવો કોઇ મહાપુરુષ નિકટમાં ન હોય તો (तन्निष्ठैः) પ્રભુમાં એક નિષ્ઠાવાળા અથવા જેણે મહાપુરુષદ્વારા પ્રભુનૂં શરણ મેળવ્યૂં છે, તેવા ભક્તોની મારફત (सर्वदा) હમ્મેશાં શરણે જવૂં.

વિવરણ—ઉપનિપદમાં એવૂં મળે છે–" આચાર્યવાળો પુરુષ ખરૂં જ્ઞાન મેળવી શકે છે." ગુરુ વિના ખરા જ્ઞાનને બતાવનાર કોઇ નથી. માટેજ દરેકે દરેક માર્ગમાં ગુરુ કરવોજ પડે છે. ભક્તિમાર્ગમાં પ્રવેશ થયા પછી ગુરુ વિના ભગવન્માર્ગનો ખરો બોધ નજ થાય; માટે યોગ્ય ગુરુ કરવોજ જોઇયે. ગુરુ મહાપુરુષ હોવો જોઇયે. **ભા**ગવત–એકાદશ સ્કન્ધમાં ગુરુનાં લક્ષણો આપવામાં આવ્યાં છે; જેવાં કે–" કૃપાલુ, જેણે કોઇ પણ પ્રાણીનો દ્રોહ નથી કર્યો તેવો, બધાં પ્રાણીયો તરફ ક્ષમાશીલ, સત્યરૂપી બળવાળો, પવિત્ર આત્માવાળો, બધા તરફ સમબુદ્ધિવાળો, બધાં ઊપર ઉપકાર કરનાર, વિષયોયે જેની બુદ્ધિનો પરાભવ નથી કર્યો તેવો, ઇન્દ્રિયોને કાબૂમાં રાખનાર, કોમળ, પવિત્ર, દ્રવ્યાસક્તિ વિનાનો, ઇચ્છા વિનાનો, મિતભોજી, શાન્ત, સ્થિર બુદ્ધિવાળો, પ્રભુને શરણે રહેલો, મૌનવ્રતી, સાવધ, ગમ્ભીર આત્માવાળો, ધીરજવાળો, જેણે શોક–મોહાદિ ૭ વર્ગ ઊપર વિજય મેળવ્યો છે તેવો,

तत आश्रयसंसिद्धौ सेवार्थं स्वसमर्पणम् ।
समर्पणे जीवदेहतत्सम्बन्धवतामपि ।
ब्रह्मसम्बन्धतः कृष्णसाक्षात्सम्बन्धयोग्यता ॥८९॥

માન આપનાર, બધાં તરફ મિત્રભાવવાળો, કરુણાળુ અને વિદ્વાન; વળી શબ્દ બ્રહ્મ (=વેદ)ના જ્ઞાન અને પરબ્રહ્મના જ્ઞાનમાં નિષ્ણાત એવા શાન્ત ગુરુને શરણે ઉત્તમ શ્રેય જાણવાની ઇચ્છાવાળા શિષ્યે જવૂં." (ભા. ૧૧-૧૧-૨૯ થી ૩૧) આવાં લક્ષણો ધરાવનારો ગુરુજ શિષ્યોનો ઉદ્ધાર કરવાને સમર્થ થઈ શકે. આવા પ્રકારનો મહાપુરુષ ન મળે તો હરકોઇ ભગવન્નિષ્ઠ ભક્તદ્વારા પ્રભુશરણ દૃઢ કરવૂં જોઇયે. ઉત્તમ ભગવદીયોના સઙ્ગથી ભગવન્માર્ગમાં થયેલી રુચિ પોષાય છે. આ કરાલ કલિકાલમાં દુઃસઙ્ગ ઠેરઠેર છે. તેવા દુઃસઙ્ગમાંથી બચવાને માટે માત્ર એકજ ઉપાય તે સત્સઙ્ગ. ઉત્તમ ભગવદીયોની ખોજમાં ફરી ફરી તેવા ભગવદીયોના સત્સઙ્ગથી ભજન તરફ આરમ્ભેલી પ્રવૃત્તિ પોષતા ર્હેવૂં જોઇયે. શ્રીહરિરાયજીનૂં અત્ર હાર્દ સ્પષ્ટ સમજાય છે કે-ગુરુને શોધવામાં આંધળિયાં ન કરવાં જોઇયે. ગમે તેવા ગુરુને શરણે જવાથી ભગવન્માર્ગથી ભ્રષ્ટ થઈ જવાનો પ્રસઙ્ગ પ્રાપ્ત થાય, તે અતિ સ્વાભાવિક છે. માત્ર **શ્રીહરિરાયજીનોજ** આવો મત છે, એમ નથીજ; **શ્રીમદ્વલ્લભાધીશ** પ્રભુયે પણ એવોજ સ્વતન્ત્ર આદેશ **તત્વાર્થદીપ** નિબન્ધમાં આપ્યો છે-'શ્રીકૃષ્ણચન્દ્રની સેવામાં તત્પર, દમ્ભાદિ દોષોથી રહિત, શ્રીમદ્ભાગવતના તત્ત્વને જાણનારા એવા પુરુષને બરોબર પારખી જિજ્ઞાસુયે શરણે જવૂં. આવો ગુરુ ન મળે તો પોતાયેજ હરિભગવાનની મૂર્તિ મેળવી તે સ્વરૂપની પરિચર્યા સદા કરતા ર્હેવૂં; કેમકે તે મૂર્તિમાંજ પ્રભુનૂં સ્વરૂપ ર્હેલૂં છે (જેનાથી પ્રતિબન્ધો દૂર થાયજ) (નિ. સર્વ ૨૨૭-૨૨૮). જેવા તેવાને શરણે જવાથી પાતજ સમ્ભવે છે. અત્યારે આપણે ત્યાં પ્રાયઃ શ્રીવલ્લભવંશનાં બાળકો પાસેથી માર્ગ-

[શાર્દૂલવિક્રીડિત]

જેવી આશ્રય-સિદ્ધિ થૈ, પ્રભુ તણી સેવાર્થ આત્માતણૂં
તેવૂં અર્પણ આચરો તન-મને; એ સિદ્ધ થાતાં બધૂં,
દેહ પ્રાણ બધૂંજ અર્પણ થતાં બ્રહ્મૈકસમ્બન્ધથી
આવે નિશ્ચલ યોગ્યતા પ્રભુ તણા પ્રત્યક્ષ સમ્બન્ધની. ૮½.

દીક્ષા લેવાનો રિવાજ છે. પારમ્પરિક મહાનુભાવતાને લીધે ગોસ્વામી બાળકોમાં વિદ્યા અને ભગવન્માર્ગમાં અપ્રતિમ નિષ્ઠાનાં દર્શન થાય છે. ઉચ્ચ પ્રકારના ભગદ્‌ભક્તો આ કાળમાં મળવા મુશ્કેલ છે. એટલે ગોસ્વામિ બાળકદ્વારા ભગવાનને શરણે જવૂં એજ શ્રેયસ્કર માર્ગ છે. પોતાની જવાબદારી અને ગુરુ તરીકેની મહાન ફરજ સમઝનારા ગોસ્વામી બાળકોની મારફત પ્રભુને શરણે જવામાં કોઇ પણ જાતની હાનિ નથી. શ્રીગુસાંઇજીના ચતુર્થ કુમાર શ્રીગોકુળનાથજીનો તો સ્પષ્ટ મત હતો કે–"**ખરો શ્રીવલ્લભવંશ્ય ગુરુનાં શ્રેષ્ઠ લક્ષણોથી યુક્ત હોયજ.**" ૭.

૭. આત્મસમર્પણ

એતન્માર્ગીય દીક્ષા લીધા પછી શરણભાવના વધારે અને વધારે દૃઢ ન થાય તો કાંઇક ખામી છે, તેમ સમઝવૂં. તે ખામી દૂર કરવાને ભક્તે પ્રયત્ન કરવો. તે ખામી દૂર થયા બાદ શરણ દૃઢ થવાથી જે પરમફલ પ્રભુસમ્બન્ધની યોગ્યતા મળે છે, તે કહેવામાં આવે છે—

અન્વયાર્થ—(ततः) ત્યાર પછી (आश्रयसांसिद्धौ) પ્રભુનૂં દૃઢ શરણ સિદ્ધ થતાં सेवार्थ) ભગવત્સેવાને માટે પ્રભુને (स्वसमर्पणं) આત્મનિવેદન કરવૂં. (जीवदेहतत्सम्बन्धवतां) જીવ, દેહ અને તેઓનાં સમ્બન્ધવાળા પદાર્થોનૂં (अपि) પણ પ્રભુને (समर्पणे) સમર્પણ થતાં (ब्रह्मसम्बन्धतः) બ્રહ્મ સાથે સમ્બન્ધ થતાં (कृष्णसाक्षात्सम्बन्धयोग्यता)

ततस्तत्सेवया स्वीयसर्वस्वाविनियोगतः ।
गृहीतः परमानन्दनिधिः कृष्णोऽक्षयः स्वतः ॥९½ ॥

વિવરણ—યોગ્ય ગુરુદ્વારા પ્રભુને શરણ ગયા પછી શરણભાવના વધારે અને વધારે દૃઢ થાય એટલે પ્રભુસેવાને અર્થે આત્મનિવેદન કરવૂં આવશ્યક થઈ પડે છે. પૂર્વના અને આ શ્લોકમાં થઇને ભક્તિમાર્ગીય મહાન બે દીક્ષાઓ ધ્વનિત થતી હોય એમ પણ લાગે છે. સાતમા શ્લોકમાં 'श्रीकृष्णः शरणं मम' એ શરણમન્ત્રપૂર્વકની નામકરણ કિંવા નામ પમાવવાની દીક્ષાનૂં અને આ શ્લોકના પૂર્વાર્ધથી ગદ્યમન્ત્રપૂર્વક આપવામાં આવતી આત્મનિવેદન દીક્ષાનું સૂચન જણાય છે. સદ્ગુરુદ્વારા પ્રભુને શરણે ગયેલો જીવ હૃદયમાં શરણભાવના દઢ કરે એટલે કે–'મારૂં સર્વસ્વ શ્રીપ્રભુજ છે. મારે શાની ઉપાધિ ?' આવા હૃદયપૂર્વકના વિચારે આ જગતમાં જેને પોતે પોતાનૂં કરી માની બેઠેલો છે, તે લૌકિક સર્વ પદાર્થો ઉપરથી 'આ મારૂં' છે એવી ભાવનાનો ત્યાગ કરી બધૂંજ પ્રભૂનૂં છે, તે પ્રભુને અર્પી દિયે. આથી પરમબાધક એવી ચિન્તા ટળી જવાથી શરણભાવના અવિચ્છિન્ન રીતે દઢ થતી રૂહે, જેને પરિણામે લૌકિક પદાર્થોની ખોટ જીવને જરાયે સાલે નહીં. જીવ અને દેહ અને તેના સમ્બન્ધવાળા બધાજ લૌકિક પદાર્થો પ્રભુને અર્પણ કરી દીધા—એજ ખરી બ્રહ્મસમ્બન્ધ–દીક્ષા થઈ. આ પરમ દીક્ષાને પરિણામે ખરા જ્ઞાનપૂર્વક જીવનો પ્રભુ સાથે સમ્બન્ધ થાય છે; પ્રભુના સાક્ષાત્સમ્બન્ધને માટેની યોગ્યતા પ્રાપ્ત થાય છે. યોગ્યતાથી પ્રભુ હજી દૂર છે, એમ નહીં, પણ જેને પ્રભુ હૃદયમાં સમ્પૂર્ણ રીતે પ્રકટ્યા છે, તેવૂં ભાન થાય છે. આવા જીવને લૌકિક કોઇ પણ પદાર્થ બાધક થતો નથી. એનાં યોગક્ષેમ પ્રભુ વહાવે છે. "અજ્ઞાનથી અથવા જ્ઞાનથી જેણે પ્રભુને આત્મનિવેદન કર્યૂં છે; તેવા જીવે (મેં બધૂંજ ભગવાનને અર્પી દીધૂં છે; એવૂં ભાન થતાં)

[અનુષ્ટુભ]

તે પછી પ્રભુસેવાયે પોતાનૂં સર્વ અર્પતાં
અક્ષે પરાનન્દનિધિ પણ્ડે **શ્રી**કૃષ્ણ લાભતા. ૯½.

પ્રભુ સાથે પ્રાણો એકતાન કરી દીધા હોય, તો પછી કયી ચિન્તા બાકી રહે ?" (ન. ર.) 'જેઓ સ્ત્રી, ઘર, પુત્ર, સગાં, પ્રાણો, ધન, આલોક અને પરલોકનો ત્યાગ કરી (પ્રભુ કહે) મારે શરણે આવ્યા છે તેવા જીવોને કેવી રીતે છોડી શકૂં ? (ભા. ૯-૪-૬૫) પ્રભુ આવા ભક્તને કદાપિ છોડતો નથી. પ્રભુજ એના યોગ-ક્ષેમને વહાવે છે. ૮½.

૮. નિધિની પ્રાપ્તિ

એ યોગ્યતા પ્રાપ્ત થયે જે મળે છે, તે બતાવવામાં આવે છે—

અન્વયાર્થ—(ततः) તેથી (तत्सेवया) પ્રભુની સેવાયે કરી (स्वीयसर्वस्वविनियोगतः) પોતાનૂં સર્વસ્વ પ્રભુને સમર્પિત કરેલૂં હોવાથી (परमानन्दनिधिः) પરમ આનન્દના ભણ્ડારરૂપ (अक्षयः) અચ્યુત, અવિનાશ (कृष्णः) શ્રીકૃષ્ણચન્દ્ર પ્રભુ (स्वतः) પોતાની મેળેજ (गृहीतः) હાથ આવ્યા, સમઝો.

વિવરણ—ભક્તિમાર્ગીય બ્રહ્મસમ્બન્ધ-દીક્ષા-સમયે ગુરુ શ્રીઠાકોરજીનૂં એક સ્વરૂપ શિષ્યને પધરાવી આપે, જે સ્વરૂપની શિષ્ય તન્મય થઈ સેવા કર્યા કરે. ગુરુયે આ સ્વરૂપનેજ શિષ્ય પાસે બધૂં નિવેદિત કરાવ્યૂં હોય છે. તે સ્વરૂપાત્મક પરમાત્માને ભાવપૂર્વક બધૂંજ સમર્પિત કરી દીધૂં હોવાથી પરમદયાળુ આનન્દઘન અખણ્ડ-સ્વરૂપ પરમાત્મા શ્રીકૃષ્ણચન્દ્રજીનો સાક્ષાત્કાર ભક્તિપ્રવૃદ્ધ ચિત્તે તેને થાય છે; તે સ્વરૂપમાંજ ભક્તને શ્રીકૃષ્ણચન્દ્રજીના અખણ્ડ પરમ આનન્દનો અનુભવ થાય છે. આવા શ્રેષ્ઠ ફળનૂં સમ્પાદન કરાવનાર ભગવદાશ્રય છે. તે ભગવદાશ્રય દૃઢ કરાવવાનો ઉપાય **શ્રી**મહાપ્રભુજીયે **વિવેકધૈર્યાશ્રય**માં ઉપદેશ્યો છે—

अतस्तु सावधानित्वं विधेयं भगवज्जनैः ।
सम्प्राप्तनिधिभिश्चौर–वञ्चकेभ्यो विशेषतः ॥१०½॥

“ અહીંયાં પરલોકેય આશરો હરિ સર્વથા,
દુખ:હાણે, ભયે, પાપે, પૂરાં કામાદિ ના થતાં, ૧૦
ભક્તદ્રોહે, ભક્ત્યભાવે, ભક્તોયે તરછોડતાં,
અશક્યે કે સુશક્યે છે આશરો હરિ સર્વદા. ૧૧
અહઙ્કાર થતાં તેમ, પોષ્ય–પોષણ રાખતાં,
પોષ્યથી તરછોડાતાં ને શિષ્યે તરછોડતાં, ૧૨
અલૌકિક મનો થાવે સર્વથા હરિ આશરો—
આમ ચિત્તે સદા ધારો; વાણીથી કીર્તનો કરો. ” ૧૩

આ રીતે આશ્રય સિદ્ધ થાય, ત્યારે પ્રભુ મળે. બધાજ પદાર્થો ભગવદ્રૂપ છે, એ ભાવના કેળવવી ખાસ આવશ્યક છે. તેનો પણ શ્રીમહાપ્રભુજીએ સિદ્ધાન્તરહસ્યમાં ઉપાય બતાવ્યો છે—

“ જેમ સેવકનો લોકે વ્યવહાર પ્રસિદ્ધ છે,
અર્પીનેજ કરો તેમ, તોજ બ્રહ્મ બધૂંજ છે. ” ૭.

બધૂંજ બ્રહ્મમય છે, તેવી ભાવના જો ભક્તના હૃદયમાં જાગૃત થાય, તો પછી તેને કેનાથી દુઃખ ઉત્પન્ન થાય ? અને ત્યારેજ તે પ્રભુના પરમ આનન્દનો ભાગી થાય. ૯½.

૯. નિધિ-રક્ષણના ઉપાય

જેમને પરમાનન્દના ભણ્ડાર પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજીના સ્વરૂપાત્મક સાક્ષાત્કારનો લાભ મળ્યો છે, જેને માથે ગુરુદેવે ઠાકોરજી પધરાવી આપ્યા છે તેવો ભક્ત આ લોકમાંજ સ્થિતિ કરી રહેલો હોવાથી અનેક પ્રતિબન્ધો નડવાનો સમ્ભવ છે. તેવા પ્રતિબન્ધ કરનારા ખાસ કોણ છે, તે બતાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે—

અન્વયાર્થ—(अतः) આથી (तु) તો (सम्प्राप्तनिधिभिः) જેમને નિધિ પ્રાપ્ત થયા છે તેવા (भगवज्जनैः) ભગવદીયોએ

જે ભક્ત નિધિને પામ્યા, તેઓએ ધ્યાન રાખવૂં:
ચોર-વઞ્ચકથી ખાસ સાવધાન સદા થવૂં. ૧૦½.

(विशेषतः) ખાસ કરી (चौरवञ्चकेभ्यः) ચોર અને વઞ્ચકોથી (सावधानित्वं) સાવધપણું (विधेयं) રાખવૂં.

વિવરણ—પોતાને ઘેર ભગવત્સેવા પધરાવી હોય, તેટલા માત્રથી લૌકિક પ્રતિબન્ધો દૂર કરી શકાતા નથી. બેશક આપણે આ મૃત્યુલોકમાં ન હોઇયે તો આપણા માર્ગમાં કાંઇ પણ બાધક ઊભાં ન થાય; પરન્તુ આપણે તો આ કરાલ કલિકાલમાં આ દુનિયામાં અનેક લૌકિકાસક્ત મનુષ્યોમાં સણ્ડોવાઇ પડ્યાં છિયે. ડગલે અને પગલે તેવાં લૌકિક બન્ધનો આપણને હેરાન કર્યાંજ કરવાનાં. હવે જો આપણે તેથી ચેતતા ન રહિયે તો આપણને અનન્ય શરણ પ્રાપ્ત થયૂં હોવા છતાં ભક્તિમાર્ગમાંથી ભ્રષ્ટ થવાનો પ્રસઙ્ગ ઊભો થાય. માટેજ **શ્રી**હરિરાયજી ભગવદીયોને અતિ સાવધ ર્‌હેવાનો ઉપદેશ આપે છે. બીજા પ્રતિબન્ધો તો ઘણા છે, પરન્તુ તે બધાને ભગવદીય પોતાની શક્તિયોના બળે દૂર કરી શકે, પરન્તુ **શ્રી**હરિરાયજી અહીં જે પ્રતિબન્ધો બતાવે છે, તે અતિ વિચિત્ર છે. તેને દૂર કરવાને સાવધાનતા ન રાખવામાં આવે તો મળ્યૂં સૌ ધૂળ મળવાનો સમય આવી જાય. આ માટેજ તેઓ ખાસ કરી **ચોર** અને વઞ્ચકોથી સાવધાન ર્‌હેવાનો ઉપદેશ આપે છે. ભગવદીયને **નિધિ** મળેલ છે. દુનિયામાં જેની પાસે ધન–ભણ્ડાર હોય, તેની પાસે અનેક મનુષ્યો આવી ધન મેળવવા પ્રયત્ન કરે છે. આપણને મળેલા આ અલૌકિક નિધિને આપણે આપણું સર્વસ્વ અર્પણ કર્યૂં છે. તે નિધિને અર્પિત થયેલી ચીજો ઉપર લૌકિક ચોરાદિની ટાંપ હોયજ. તેવાઓથી ન બચિયે તો એ નિધિજ લૂંટાઇ જવાનો ભય ર્‌હે. માટે સાવધાન ર્‌હેવૂં. ૧૦½.

चौरास्तु द्विविधा ज्ञेया बाह्याभ्यन्तरभेदतः ॥११॥
बाह्याः कुटुम्बरूपा ये ते तु वित्तहराः स्मृताः ।
यतस्तद्विनियोगेन वित्तं याति समर्पितम् ॥१२॥

---

૧૦. ચોરના પ્રકાર

ચોર અને વર્ગ-ચક્રમાં પ્રથમ ચોર ક્રિયા, એ સમઝાવે છેઃ—

અન્વયાર્થ—(चौराः) ચોર (तु) તો (बाह्याभ्यन्तरभेदतः) **બ્હાર**ના અને **માંહ્ય**લા એ ભેદે (द्विविधाः) બે **પ્રકાર**ના (ज्ञेयाः) જાણવા. (ये) જેઓ (बाह्याः) બ્હારના (कुटुम्बरूपाः) કુટુમ્બીજનરૂપી ચોરો છે, (ते) તેઓ (तु) તો (वित्तहराः) ધન હરી જનારા (स्मृताः) ક્હેવાયા છે; (यतः) કારણ કે (तद्विनियोगेन) કુટુમ્બીજનોને માટે વપરાઇ જવાથી (समर्पितं) પ્રભુને વિનિયોગ કરેલૂં (धनं) ધન (याति) નષ્ટ થાય છે.

વિવરણ—કુટુમ્બીજનોને ચોર શા માટે ક્હેવામાં આવે છે? ભક્તિપૂર્વક બધૂંજ પ્રભુનૂં પ્રભુને સમર્પિત કરી ચૂકાયૂં. હવે આપણૂં તો કાંઇ રહ્યૂં નહીં. હવે એ સમર્પિત દ્રવ્યમાંથી કુટુમ્બીયોના મોજશોખને માટે દ્રવ્ય વપરાય તો તે દ્રવ્ય કુટુમ્બીયોનૂં ન હોવા છતાં લેવામાં આવે, એટલે કુટુમ્બીયો ચોર ઠર્યા. પ્રભુના સુખ સિવાય સમર્પિત દ્રવ્યનો બીજા કોઇને પણ ઉપભોગ કરવાનો અધિકાર નથી. એ દ્રવ્ય પ્રભુના સુખને માટેજ વપરાવૂં જોઇયે. અહીં એક વસ્તુ ખાસ સમઝવાની છે—કુટુમ્બનાં માણસો બધાંજ ભગવદીય અને પોતા સાથે રહીને ભગવત્સેવામાંજ તલ્લીન ર્હેતાં હોય, તેવાં કુટુમ્બીયો ચોર નથી. કારણ કે તેવાંઓને પોતાનાં અંગત મોજશોખ માટે કશૂંજ વાપરવાનૂં હોતૂં નથી. જ્યારે આત્મનિવેદન કરવામાં આવે છે ત્યારે જીવ પ્રભુને જીવ, દેહ, સગાંવ્હાલાં, સ્ત્રી, ધન, પુત્ર, ઘર, સર્વ નિવેદિત કરી ચૂકે છે. એ સગાંઓ પણ પ્રભુને

બ્હારના, **માંહ્યલા**, એમ **ચોર** છે બે પ્રકારના.
માત્ર એ ધનનાં લોભી કુટુમ્બીઃ **ચોર** બ્હારના.
વણસે વિત્ત અર્પેલૂં કુટુમ્બી–કાજ વાપર્યૂં. ૧૨.

નિવેદિત થઇ ચૂક્યાં હોય છે. એટલે પ્રભુને ભોગ ધરાવ્યા પછી પ્રસાદ તરીકેજ પદાર્થો લઈ શકાય, તો ચોર બનાતું નથી. **શ્રીહરિરાયજી અહીં** પ્રભુ તરફ લેશ પણ આસક્તિ નથી, તેવાં પેટભરાં કુટુમ્બીયોને ઉદ્દેશીને આ જાતની ટકોર કરે છે. એવાં કુટુમ્બીયોના ઉપયોગ માટે પ્રભુને અર્પેલૂં દ્રવ્ય વપરાયૂં તે નષ્ટજ થયૂં. આપણે ત્યાં જ્યારે જયારે લૌકિક પ્રસઙ્ગો આવે છે, ત્યારે તેમાં ખર્ચવા માટે પ્રભુની આજ્ઞા લેવાનો રિવાજ છે. આ માટે આપણા જે ગુરુ હોય, તેમની આજ્ઞા લેવામાં આવે છે, તો આપણે ચોર બનતા નથી. જે પ્રમાણે લૌકિક તે પ્રમાણે વૈદિક કાર્યોની પણ સ્થિતિ છે. બ્રાહ્મણ વૈષ્ણવે વૈદિક કર્મો તો કરવાંજ જોઇયે. શ્રીમહાપ્રભુજીની પણ સ્પષ્ટ આજ્ઞા છે કે—“વેદાદિમાં જેવી રીતે વર્ણ અને આશ્રમવાસીયોના ધર્મ ક્હેવામાં આવ્યા છે, તેવીજ રીતે વિધિપૂર્વક પાળવા.” (સર્વ. નિ.) આ માટે શૂં કરવૂં ? તેને માટે એવો પ્રાચીન વ્યવહારજ છે કે—

“ विष्णोर्निवेदितान्नेन यष्टव्यं देवतान्तरम् ।
पितृभ्यश्चापि तद्देयं तदानन्त्याय कल्पते ॥

પ્રભુને ધરેલા બાદ અનુસર કરાયેલા પ્રસાદથી અન્ય દેવોનૂં યજનાદિક કરવૂં; શ્રાદ્ધમાં પિતૃઓને પણ તેજ અર્પિત કરવૂં. આમ પ્રસાદી વસ્તુઓથી વ્યવહાર કરવામાં આવે તો તે અનન્તપણા માટે થાય છે.” ૧૨.

બ્હારના ચોર તો સમઝાયા. હવે **માંહ્યલા** ચોર કોણ ? તેનો

आन्तराः कामलोभाद्याश्चित्तमात्रहरास्तु ते ।
यतो बहिर्मुखं चित्तं सेवायां प्रविशेन्नहि ॥ १३ ॥
चित्तवित्तैकसाध्या हि सेवा चापि न सिध्यति ।
तद्भावेऽखिलं व्यर्थं पुरुषार्थपरिक्षयात् ॥ १४ ॥

અન્વયાર્થ—(आन्तराः) માંહ્યલા (कामलोभाद्याः) કામ, ક્રોધ. લોભ મોહ વગેરે ચોરો છે (ते) તેઓ (तु) તો (चित्तमात्रहराः) માત્ર ચિત્તનૂં હરણ કરનારા છે; (यतः) કેમકે (बहिर्मुखं) પ્રભુથી વિમુખ થઈ ચૂકેલૂં (चित्तं) ચિત્ત (सेवायां) સેવામાં (नहि) નજ (प्रविशेत्) પ્રવેશ કરે; (च) અને (हि) ખરેખર (चित्तवित्तैकसाध्या) માત્ર ચિત્ત અને દ્રવ્યથી સિદ્ધ કરી શકાય છે, તેવી (सेवा) સેવા (अपि) પણ (न) ન (सिध्यति) સિદ્ધ થાય. (तदभावे) સેવાનો અભાવ થતાં (पुरुषार्थपरिक्षयात्) સેવારૂપી પુરુષાર્થજ નાશ પામતાં (अखिलं) બધૂં (व्यर्थं) ફોકટ થાય.

વિવરણ—કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર એ વગેરે માંહ્યલા ચોર છે. ચિત્ત તે તરફ વળવાથી તેઓનાથી પરાભૂત થઈ જાય છે, એટલે પ્રભુની સેવામાં આસક્ત થતૂં નથી. "ઇન્દ્રિયોના વિષયો અને ષડ્ગુણ ઊપર વિજય ન કર્યો હોય તો બધૂંજ ફોકટ છે. "હે કૌન્તેય! બુદ્ધિમાન પુરુષ બરોબર યત્ન કરતો હોય છતાં પણ તેને ચિત્તનો ક્ષોભ ઉત્પન્ન કરનારી ઇન્દ્રિયો બળાત્કારપૂર્વક ખેંચી લિયે છે. (ભ. ગી. ૨–૬૦) તે બધી ઇન્દ્રિયોને કાબૂમાં રાખી સાવધાન રહી મારામાં પરાયણ રૂહે. જેને ઇન્દ્રિયો વશ છે, તેની પ્રજ્ઞાજ સ્થિર કૂહેવાય." (ભ. ગી. ૨–૬૧) કામક્રોધાદિ કેટલા ભયંકુર છે, તેનો ખ્યાલ પ્રભુ ગીતામાં આપે છે—"પુરુષને ઇચ્છા ન હોવા છતાં બળાત્કારથી પાપ તરફ ઘસડી જનારા કામ અને ક્રોધ છે. તે રજોગુણમાંથી ઉત્પન્ન થયેલા છે. આ કામદોષ મોટો ખાઉધર અને [illegible] પ્રમાણે ધમાડાથી

આંધલા કામ-લોભાદિ હરે તે માત્ર ચિત્તને.
ચળ્યૂં જો ચિત્ત પ્રભુથી, સેવામાં લગ્ન ના બને. ૧૩.
ચિત્ત ને વિત્તથી સાધ્ય સેવા, એ સિદ્ધ ના બન્યે
પુરુષાર્થ ટળી જાતાં, ઇષ્ટ વ્યર્થ બધૂં બને. ૧૪.

અગ્નિ ઘેરાઇ જાય અને જે પ્રમાણે મળથી અરીસો અને ઓરથી ગર્ભ ઢંકાઇ જાય, તે રીતે આ કામદોષથી આપણું મન ઘેરાઇ જાય છે. (ભ. ગ. ૩–૩૭, ૩૮.)" શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ એ ઇન્દ્રિયોના વિષયોનૂં ધ્યાન કરતાં પુરુષને આસક્તિ ઊપજે છે. આસકિતથી કામ, કામથી ક્રોધ ઉત્પન્ન થાય છે. ક્રોધથી મોહ, મોહથી સ્મૃતિમાં ભ્રાન્તિ, સ્મૃતિની ભ્રાન્તિથી બુદ્ધિનાશ થાય છે. બુદ્ધિનો નાશ થયે પોતેજ નષ્ટ થાય છે. (ભ. ગ. ૨–૬૨, ૬૩) વળી આત્માના નાશરૂપે ત્રણ પ્રકારનૂં આ નરકનૂં બારણૂં છે. તે કામ, ક્રોધ અને લોભ; તેથી તેનો જીવે ત્યાગ કરવો. (ભ. ગ. ૧૬–૨૧) શ્રીમહાપ્રભુજી સ્પષ્ટ આજ્ઞા કરે છે કે–विषयावेशचित्तानां नावेशः सर्वथा हरेः (સં. નિ. ૩.) જેના ચિત્તમાં વિષયોએ પ્રવેશ કર્યો છે, તેઓને પ્રભુનો કોઇપણ રીતે આવેશ થતો નથી." સેવા ચિત્ત અને વિત્તથીજ સિદ્ધ કરી શકાય તેમ છે. શ્રીમહાપ્રભુજી સિદ્ધાન્તમુક્તાવલિમાં આજ્ઞા કરે છે કે—

"ચિત્ત તન્મય તે સેવા, તે કાજે તન ને ધન;
તેથી ભવાબ્ધિનો અન્ત તથા છે બ્રહ્મબોધન." ૨.

પ્રભુમાં ચિત્તને પરોવી દેવૂં તે સેવા. તન અને ધન સેવામાં ખાસ ઉપયોગી છે. ચિત્ત હોય, પણ શરીર કામ ન કરતૂં હોય તો સેવા ન બને; પ્રભુના સુખ માટે આવશ્યક દ્રવ્યની પણ તેટલીજ જરૂર છે. હવે જો ચિત્ત અને વિત્ત એ બન્ને પ્રભુમાં ન પરોવાય તો બહિર્મુખ થઈ જવાય. ભગવત્સેવા એ પરમ યોગ છે. ચિત્તની વૃત્તિયોનો નિરોધ કર્યા વિના

अतो विवेकधैर्यादिशस्त्रयुक्तैस्तथा पुनः ।
आन्तरास्ते निराकार्या बाह्यास्ते च यथाक्रमम् ।
सेवाकारणतद्रोधपरित्यागादिसाधनैः ॥१५½॥

છે. હવે ચિત્ત અને વિત્ત અધીન ન હોય એટલે સેવારૂપ પુરુષાર્થજ સિદ્ધ ન થાય. આવી સ્થિતિ થતાં આજ દિવસ સૂધી જે શરણભાવના રાખી, શરણભાવનાની સિદ્ધિ મળ્યે પરમ કૃપાળુ પરાત્પર પુરુષોત્તમરૂપી નિધિ આપણને મળ્યા, એ બધૂંય એક ખોટી પાઇની પણ કીમતનૂં ન રહ્યૂં. ૧૩–૧૪.

૧૧. ચોરોને ટાળવાના ઉપાય

આ બન્ને પ્રકારના ચોરોને ટાળવાનો ઉપાય બતાવે છે—

અન્વયાર્થ—(अतः) આથી (विवेकधैर्यादिशस्त्रयुक्तैः) વિવેક, ધીરજ એ વગેરે હથિયારવાળા (तथा) તેમજ (पुनः) વળી (सेवाकारणतद्रोधपरित्यागादिसाधनैः) સેવાના કારણરૂપ રહેલા ચિત્તનો નિરોધ અને સગાંઓનો ત્યાગ એ વગેરે સાધનવાળા ભગવદીયોયે (यथाक्रमं) અનુક્રમે (ते) તે (आन्तराः) માંહ્યલા કામક્રોધાદિ ચોર (च) અને (ते) તે (बाह्याः) બ્હારના કુટુમ્બરૂપી ચોરોને (निराकार्याः) ટાળવા.

વિવરણ—બ્હારના અને **માંહ્યલા** એ ઉભય ચોરોને ટાળવામાં એકસરખી રીતે વિવેક–ધૈર્ય વગેરેની જરૂર છે. શ્રીમહાપ્રભુજીયે **વિવેકધૈર્યાશ્રયમાં** વિવેક–ધૈર્યની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે.—

" વિવેક–ધૈર્ય હમ્મેશાં રાખવાં, આશરોય તે.
'હરિ પોતે કરે સર્વ સ્વેચ્છાયે,' છે વિવેક તે. ૧

સ્વામીના મતમાં શઙ્કા; તેથી શૂં માગતાં વળે ?
કાં કે બધે બધૂં તેનૂં સામર્થ્ય સઘળૂં મળે. ૨

[ગીતિ]

વિવેક–ધૈર્ય વગેરે, શસ્ત્રે હણવાજ માંહ્યલા ચોરો
ચિત્ત–નિરોધ કરી, ને સગાં તજી ચોર બ્હારના ટાળો; ૧૫½.

હોતાં અધીન સ્વામીને છોડવૂં અભિમાનને;
વિશેષે હોય જો આજ્ઞા, સ્વપ્નદ્વારાજ એ બને. ૩

ત્યારે દૈહિકથી ભિન્ન, વિશેષ ગતિ જાણવી.
આપત્તિ–આદિ કાર્યોમાં સર્વદા જિદ્દ છોડવી. ૪

અનાગ્રહ બધે, તેમ જોવો ધર્મ–અધર્મને.
આ વિવેક કહ્યો; ધૈર્ય નિરૂપાવૂં હવે બને: ૫

' બધે સહે ત્રણે દુ:ખ મૃત્યુપર્યન્ત, ધૈર્ય એ.

× × × ×

ભાર્યાદિ અન્ય દુષ્ટોનૂં અતિક્રમણ સાંખવૂં. ૭

પણ્ડે ઇન્દ્રિય–કાર્યોને, કાયા–વાણી–મને ત્યજે.
પોતે સમર્થ ના·હોતાં અશક્ત પણ એ ત્યજે. ૮

અશક્યે હરિ નક્કી છે; કરે છે સર્વ આશરો.
ધૈર્ય આજ કહેવાયૂં... ... ... ૯

જેવી રીતે માંહ્યલા ચોરોને ટાળવામાં વિવેક–ધૈર્યની જરૂર છે તેજ રીતે બ્હારના ચોરોને ટાળવામાં પણ વિવેક–ધૈર્યની જરૂર છે. બની શકે ત્યાંસૂધી સમઝાવી કુટુમ્બીયોને પ્રભુ તરફ વાળવાં. ત્યાંસૂધી તેમનાં અતિક્રમણાદિકને સહન કરવાં. તેમ છતાં પણ જો તેઓ ન સુધરે તો પછી તેઓનો ત્યાગ કરવો. આપણે સ્વતન્ત્ર હોઇયે તો તેવાઓનો ત્યાગ અને આપણે પરતન્ત્ર હોઇયે તો આપણે તેનાથી છૂટા પડી જઇ પ્રભુસ્થાનમાં ચાલ્યૂં જવૂં. **શ્રીમહાપ્રભુજીયે ભક્તિ-**

वञ्चकस्तु ततोऽप्येष दुष्ट इत्येव बुध्यताम् ॥ १६ ॥
यतस्तदाकृतिश्चेष्टा तथाचारश्च भाषणम् ।
विनयः शान्ततावेशः शङ्खचक्रादिचिह्नितः ॥ १७ ॥
एवमाद्यखिलं तुल्यं भगवद्धर्मवर्तिभिः ॥
ततो ज्ञानाभावतोऽपि सर्वथा नाशनं मतम् ॥ १८ ॥

"બાધકત્વ ગૃહસ્થોને દીસતું ને અનાત્મતા.
બને વ્યસન જો કૃષ્ણે, થાય તોજ કૃતાર્થતા. ૫
નાશકારક તેવાનૂં રહેવૂં પણ ઘેર છે.
તે માટે એકચિત્તે જે ત્યજીને યતનાર છે, ૬
સર્વથી અદકી ભક્તિ તે પરા દૃઢ મેળવે.
દુ:સંસર્ગ અને અન્ન ત્યાગે બાધક છે. હવે ૭
પાસે કે દૂર જે રીતે દોષોમાં ચિત્ત ના ચળે,
તદીય–તત્પરો સાથે તેમ રહેવૂં હરિસ્થળે. ૮

તેજ રીતે સર્વનિર્ણયપ્રકરણમાં પણ આજ્ઞા કરી છે કે—"જો ભાર્યા વગેરે અનુકૂળ હોય તો ભગવત્ક્રિયા કરવી. જો તેઓ ઉદાસીન હોય તો પોતેજ સેવા કરવી. જો તેઓને તે વાત ન ગમતી હોય તો ઘરનો ત્યાગ કરવો. ઘરનો ત્યાગ કરવાથી કાંઇપણ દૂષણ નહીં લાગે; કારણ કે તેઓ પ્રભુથી બહિર્મુખ થઈ ચૂકેલાં હોય છે." (ત. નિ. સર્વ. પ્ર. ૨૩૧).

માંહલા ચોરોને દૂર કરવામાં સેવામાં કારણરૂપ એવૂં જે ચિત્ત, તેનો નિરોધ કરવાનો છે. ચિત્તનિરોધ કરવાથી વિષયોમાં ચિત્ત ખેંચાતૂં નથી. તેથી પ્રભુનો આવેશ થાય છે. પ્રભુયે તો પોતામાં મન પરોવનારને સ્વીકારવાનૂં વચનજ આપ્યૂં છે—"હે અર્જુન! તૂં મારામાંજ મનવાળો થા; મારો ભક્ત થા; મારૂં યજન કર; મને નમન કર; હૂં તને વચન આપૂં છૂં કે તૂં મને પામીશ." (ભ. ગ. ૧૮–૬૫.) ૧૫½.

[અનુષ્ટુભ]

આ બે ચોર થકી ભારે દુષ્ટ વઞ્ચક જાણવો;
તેનો દેખાવ ને ચેષ્ટા, બોલવૂં તેમ ચાલવૂં,
સભ્યતા, શાન્તિ, આવેશ, ટીલાં ને ટપકાં બહુ; ૧૭.
એ બધૂં પ્રભુના ભક્ત જેવૂં; તેથી અજાણતાં
જીવો મૈત્રી કર્યે સર્વ પ્રકારે નાશ પામતા. ૧૮.

---

૧૨. વઞ્ચકનૂં બાહ્યસ્વરૂપ

આ બન્ને પ્રકારના ચોર કરતાં પણ એક અતિ ભયઙ્કર પ્રતિબન્ધક છે—

અન્વયાર્થ—(एषः) આ (वञ्चकः) વઞ્ચક તો (ततः) તે બન્ને પ્રકારના ચોરોથી (अपि) પણ (दुष्टः) દુષ્ટ છે, (इति) એમ (एव) જ (बुध्यताम्) જાણો; (यतः) કારણ કે (तदाकृतिः) તેનો દેખાવ, તેની (चेष्टा) ચેષ્ટા (तथा च) અને (आचारः) વર્તણૂંક, (भाषणं) બોલવૂં, (विनयः) વિનય (शान्तता) (शान्ति, आवेशः) પ્રભુમયતાનો આવેશ (शङ्खचक्रादिचिह्नितः) શઙ્ખચક્ર વગેરેની મુદ્રાથી અઙ્કિતપણૂં, (एवमादि) આ વગેરે (अखिलं) બધૂં (भगवद्धर्मवर्तिभिः) પ્રભુના ધર્મનૂં પાલન કરનારાઓના (तुल्यं) જેવૂંજ હોય છે; (ततः) તેથી કરી (ज्ञानाभावतः) તેવાઓનો વરતારો ન હોવાથી (सर्वथा) દરેક રીતે (नाशनं) નાશ (मतं) માનવામાં આવ્યો છે.

વિવરણ—વઞ્ચક એટલે ઢોંગી, ધૂતારાઓ. બ્હારના તેમજ માંહ્યલા ચોરોને તો આપણે ઓળખી શકિયે, પરન્તુ આવા ધૂતારાઓ ઓળખાવા બહુ મુશ્કેલ છે. તેનૂં પ્રાયઃ દરેકે દરેક ચિહ્ન ભગવદીય જેવૂંજ હોય છે. એનૂં બોલવૂં, ચાલવૂં, ન્હાવૂં–ધોવૂં, ટીલાં–ટપકાં, દીનતા, પ્રભુની લીલાઓના વર્ણન ટાણે લીલાઓને

दुर्घटं तस्य विज्ञानं सर्वथा भक्तसाम्यतः ।
अत एव न कर्तव्यो विश्वासो ह्यविचारतः ॥ १९ ॥

तदीयत्वभ्रमात्तस्मिन् विश्वासे सङ्गदोषतः ।
असत्यपि च सद्भावात्पतनं भक्तिमार्गतः ॥ २० ॥

ભગવદીય જેવૂંજ હોય છે. બીજાઓને ભોળવવા માટે પોતે જાણે જબ્બર વિદ્વાન હોય તેવો ડોળ કરે, છતાં વાણીથી અતિ દીનતા બતાવે—જેવૂં કે—

में कोन हूं? अत्यन्त तुच्छ जीव हूं; दोषको भर्यो हूं. मेरे में कछु धर्म नहि हें; में कछु जानूं नहि हूं; केवल बड़ेनके अनुग्रहसूं जो दो अक्षर मेरे मुखमें आये हें सो यथामति बोलूं हूं.

(શ્રીપુષ્ટિમાર્ગપ્રકાશ)

આવા કપટીયોને આપણે ન ઓળખી શકતા હોઇયે, તો ફસાઇ જવાનો પાકો ભય રૂહે છે. ફસાયા બાદ પૂરા નાશ પછીજ છૂટકારો થાય છે. પરન્તુ આપણો સર્વનાશ થઈ ચૂક્યો હોવાથી છૂટકારો તદ્દન નિરર્થક થઇ પડે છે. ૧૬—૧૮.

૧૩. વગ-ચકની જાળમાંથી બચવાનો ઉપાય

તેવાઓના ફાંસલામાં ફસાઇ જવાય એ સ્વાભાવિક છે, તે માટેનો ઉપાય અને ફસાયે થતી હાલત બતાવે છે.—

અન્વયાર્થ—(सर्वथा) દરેક રીતે (भक्तसाम्यतः) પ્રભુના ભક્ત જેવોજ દેખાતો હોવાથી (तस्य) તેની (विज्ञानं) ઓળખાણ (दुर्घटं) મુશ્કેલી-ભરેલી છે; (अतः) આથી (एव) જ (हि) ખરેખર (अविचारतः) વિચાર કર્યા વિના (विश्वासः) વિશ્વાસ (न) ન (कर्तव्यः) કરવો. (तस्मिन्) તેવા વગ-ચકમાં (तदीयत्वभ्रमात्) ભગવદીયપણાં છે તેવા ભ્રમથી (विश्वासे) વિશ્વાસ કરવાથી

સર્વથા ભક્તના જેવો, તેથી મુશ્કેલ જાણવો;
ભરોંસો ન કરો તેથી વિચાર્યા-વિણ કોઇનો. ૧૯.

[વંશસ્થેન્દ્રવંશા-ઉપજાતિ]

તદીયતાના ભ્રમથી અજાણથી
વિશ્વાસ કીધે, ત્યમ સઙ્ગદોષથી
દુષ્ટે ખરા ભક્ત તણા વિચારથી
અવશ્ય છે પાતજ ભક્તિ માંહ્યથી. ૨૦.

(सङ्गदोषतः) સઙ્ગદોષે કરી (च) અને (असति) દુષ્ટમાં (अपि) પણ (सद्भावात्) એ સાધુ પુરુષ છે, તેમ માનવાથી (भक्तिमार्गतः) ભક્તિમાર્ગમાંથી (पतनं) પતન થાય છે.

વિવરણ—ભગવદીયનાં બધાંજ બાહ્ય ચિહ્નો રાખતો હોવાથી આવા વઞ્ચકને ઓળખવો બહુ મુશ્કેલ છે; માટે કોઇ પણ માણસ તમારી પાસે આવે ત્યારે પૂરો વિચાર કર્યા વિના કદાપિ ભરોંસો કરવો નહીં. .એવૂં સામાન્ય નીતિવચન પણ છે કે—“ अज्ञातकुलशीलस्य वासो देयो न कस्यचित् ॥ (પઞ્ચતન્ત્ર)—જેનાં કુળ અને આચરણને આપણે જાણતાં નથી, તેવા કોઇને ઉતારો ન આપવો.” નારદજી તો ત્યાંસૂધી આજ્ઞા કરે છે કે—“ सङ्गः सर्वथैव त्याज्यः । स चेत्कर्तव्यः सद्भिः सह कर्तव्यः । સઙ્ગજ ન કરવો. કદાચ કરવા માગતા હો તો સત્પુરુષોનોજ કરવો.” જાણ્યા સિવાય વઞ્ચકમાં વિશ્વાસ કરી બેઠા એટલે ધીરે ધીરે તે વાચાળતાથી આપણને ઉલટે રસ્તે દોરે. આના કુસઙ્ગથી પરિણામ એ આવે કે-આપણે ખરા માર્ગથી ભ્રષ્ટ થઇયે, અને સર્વનાશને પાત્ર થઇયે. ઠગના ધર્મોને આપણે ખરા માની લઇ વર્તનમાં ઉતારિયે એટલે આપણે પણ તેવા ઠગ અજાણ્યે બની જઇયે. એ નિશ્ચય સમઝવૂં કે પાખણ્ડીયોથી પ્રભુ સર્વથા દૂર છે. ૧૯—૨૦.

अत एवोक्तमाचार्यैर्गुरोरपि च वीक्षणम् ।
कृष्णसेवापरं वीक्ष्येत्यादिपद्ये निबन्धगे ॥ २१ ॥

સામાન્ય મિત્રરૂપે આવેલા વઞ્ચકોનો સઙ્ગ પણ આટલો બધો ભયઙ્કર છે, તો પછી તેવો કોઇ વઞ્ચકજ આપણો ગુરુ થઈ બેસે તો આપણૂં અધઃપતન કેટલૂં ભારે અને કેટલૂં ઝડપથી થાય તેનો તો વિચારજ ન આવે. મિત્રરૂપે આવેલા વઞ્ચકનાં વાક્યોમાં તો સચેત રહી આપણે કદાચ વિશ્વાસ ન કરિયે, પણ ગુરુ હોય તો તેના તરફ આપણૂં સ્વાભાવિક પૂજ્ય દૃષ્ટિવાળૂં વલણ હોય અને તે જે કહે તે આપણે **પ્રમાણ** કરી માનિયે. હવે આવો ગુરુ જો આપણા ભાગ્યમાં આવી મળ્યો તો કેવી બૂરી હાલત થાય? આ વિષયમાં પણ સચેત રહેવાને **શ્રી**હરિરાયજી ખુદ **શ્રી**મહાપ્રભુજીનાજ શબ્દોને અગ્ર કરી ઉપદેશે છે—

અન્વયાર્થ—(च) અને (अतः) આથી (एव) જ (आचार्यैः) શ્રીમદ્વલ્લભાચાર્યજીયે (निबन्धगे) તત્ત્વાર્થદીપનિબન્ધના (कृष्णसेवापरं वीक्ष्य–इत्यादि पद्ये) “कृष्णसेवा परं वीक्ष्यं” એ પદ જેના આરમ્ભમાં છે, તે શ્લોકમાં (गुरोः) ગુરુની (अपि) પણ (वीक्षणं) પાકી તપાસ કરવાનૂં (उक्तं) કહ્યૂં છે.

વિવરણ—તત્ત્વાર્થદીપનિબન્ધના સર્વનિર્ણય પ્રકરણમાં શ્રીમદ્વલ્લભાધીશ્વર પ્રભુ આજ્ઞા કરે છે કે–

“ **कृष्णसेवापरं वीक्ष्य दम्भादिरहितं नरम् ।**
श्रीभागवततत्त्वज्ञं भजेज्जिज्ञासुरादरात् ॥ २२७ ॥

સદા પ્રભુની સેવામાં પરાયણ, દમ્ભાદિ આસુરી સમ્પત્તિનાં લક્ષણ વિનાનો અને શ્રીભાગવતના તત્ત્વને જાણનાર એવા પુરુષની પાકી પરીક્ષા કરી જિજ્ઞાસુયે આદરપૂર્વક તેને શરણે જવૂં.”

શ્રીમહાપ્રભુજીનો પાકી તપાસ કરવાનો આદેશ એ માટે છે કે તેવાં લક્ષણવાળો ગુરુ જો ન હોય તો શિષ્યનો ઉદ્ધાર શો કરી શકે?

[અનુષ્ટુભ]

આથી શ્રીવલ્લભાચાર્યે ગુરુનૂં પણ પારખૂં,
‘ कृष्णसेवापरं वीक्ष्य ’ નિબન્ધે એમ છે લખ્યૂં. ૨૧.

તેની તો “ अन्धेन नीयमाना यथान्धाः [कठ. १-२-५] જે પ્રમાણે આંધળો દોરે તે બધા આંધળાજ; ” તેવી સ્થિતિ થાય. આચાર્યશ્રીયે આ કારિકામાં શિષ્ય અને ગુરુ બન્નેનાં લક્ષણો નિર્દેશ્યાં છે. શિષ્ય જિજ્ઞાસુ હોવો જોઇયે. માત્ર કુતૂહલ દષ્ટિથી પ્રશ્ન કરનારો હોય તો મુદ્દે તેને તે પ્રશ્નના ઉત્તરના જ્ઞાનની હાર્દિક ઇચ્છા ન હોવાને લીધે ગુરુ ગમે તેવો સારો ખુલાસો કરે છતાં હૃદયારૂઢ ન થાય. માટેજ જિજ્ઞાસા સાથે ગુરુ પ્રત્યે આદર એ બીજૂં લક્ષણ શિષ્યમાં હોવૂં જોઇયે. આ બે લક્ષણ હોય તેજ શિષ્ય થવાને યોગ્ય છે. ગુરુ કેવા હોવા જોઇયે ? સદા પ્રભુની સેવામાં એકતાન. જેણે સમ્પૂર્ણ રીતે આત્મનિવેદન કરી ઉચ્ચ ભગવદીયતા સમ્પાદિત કરી છે, તેવો ગુરુજ પોતાના તેવા પ્રકારના ભક્તિપ્રવૃં આચરણથી શિષ્ય ઉપર છાપ પાડી શકે. ગીતાના ૧૬ મા અધ્યાયના આરમ્ભમાં આપેલી દૈવી સમ્પત્તિનાં બધાં લક્ષણો તેમાં હોવાં જોઇયે. એ ઉપરાંત ભગવચ્છાસ્ત્રોનો પાકો જાણકાર જોઇયે.

શ્રીમહાપ્રભુજી તો ખાસ શ્રીમદ્‌ભાગવતના તત્ત્વને જાણનાર ક્હે છે. તેનો મુદ્દો એ છે કે—“ વેદરૂપી કલ્પતરુમાંથી ગળેલૂં, શુકદેવજીના મુખમાંથી અમૃતના ઝરણથી યુક્ત એવૂં આ રસાત્મક ફલ **ભાગવત** છે. ” (ભા. ૧-૧-૩) એ રીતે વેદરૂપી કલ્પતરુનૂં **ભાગવતરૂપ** ફલ છે. સર્વ શાસ્ત્રોના સારરૂપે શ્રીમદ્ ભાગવત ર્‌હેલૂં છે. તેમાં

नन्वेतस्य परिज्ञानं कथं भवति सर्वथा ।
ज्ञाने सति परित्यागः कर्तव्योऽस्य सतां भवेत् ॥२२॥
भवेच्च चोरविज्ञानं शास्त्रतो धर्मदर्शनात् ।
नहि वञ्चकविज्ञानं साम्यतो भगवज्जनैः ॥२३॥

વેદપ્રતિપાદ્ય પરબ્રહ્મ શ્રીકૃષ્ણચન્દ્રજીની દશવિધ લીલાનૂં પ્રતિપાદન છે. દશવિધ લીલાજ્ઞાનને અન્તે લભ્ય શ્રીકૃષ્ણચન્દ્રજીનો લાભ ભાગવતના તત્ત્વજ્ઞાન વિના સમ્ભવી શકે તેમ નથી. માટેજ ગુરુ ભાગવતના તત્ત્વને જાણનારો હોવો જોઈયે. પોતાનો ઉદ્ધાર કરવાની જેમાં શક્તિ હોય તેજ બીજાનો ઉદ્ધાર કરી શકે. ભાગવત માત્ર પુરાણગ્રન્થ છે, એવી જેની માન્યતા હોય તેવો ગુરુ સર્વશાસ્ત્રના તત્ત્વને જાણનારો નજ ગણી શકાય. ભાગવતની દરેકે દરેક કથામાં આધ્યાત્મિક તત્ત્વ રહેલૂં છે. શ્રોતાઓને-શિષ્યોને તે તે કથામાં રહેલા સર્વોદ્ધારક તત્ત્વનો ઉપદેશ આપવાની ગુરુમાં શક્તિ હોવી જોઇયે. આ કારિકામાં ખાસ એક વાત પણ આચાર્યચરણો ઉપદેશે છે કે-ગુરુ **નર** હોવો જોઇયે; **સ્ત્રી** ગુરુ થઈ શકે નહીં. ભક્તિમાર્ગમાં સ્ત્રી પુરુષ બન્નેનો એક સરખી રીતે પ્રવેશ હોવા છતાં ગુરુનૂં-ઉપદેશકનૂં કામ તો માત્ર પુરુષોજ કરી શકે. ત્યાગ જેટલો પુરુષ સાધી શકે તેટલો સ્ત્રી સાધી શકતી નથી. આ માટેજ ધર્મશાસ્ત્રો પુરુષોનેજ ગુરુ થવાનૂં વિધાન કરે છે. ૨૧.

વઞ્ચકનૂં જ્ઞાન કેવી રીતે થાય ? તેનો કોઇ ઉપાય ખરો ?-

અન્વયાર્થ—(ननु) વારુ ! (एतस्य) આ વઞ્ચકની (सर्वथा) દરેક રીતે (परिज्ञानं) ઓળખાણ (कथं) કેવી રીતે (भवति) થાય છે ?

વારૂ, વઞ્ચકનૂં કેમ સર્વથા પારખૂં પડે ?
પડે પરખ જો તેની સન્તો ત્યાગ તદા કરે. ૨૨.
શાસ્ત્ર-ધર્મ તણા જ્ઞાને ચોરનૂં પારખૂં પડે.
ન મળે વઞ્ચક-જ્ઞાનઃ ભક્ત જેવો સદા મળે. ૨૩.

(ज्ञाने) જ્ઞાન (सति) હોય તો (सतां) સત્પુરુષોને (अस्य) આ વઞ્ચકનો (परित्यागः) ત્યાગ (कर्तव्यः) કરવો (भवेत्) બને. (च) અને (चोरविज्ञानं) ચોરની ઓળખ (शास्त्रतः) શાસ્ત્રોથી અને (धर्मदर्शनात्) ધર્મના દર્શનથી થાય; (भगवज्जनैः) ભગવદીય જનોના (साम्यतः) જેવા હોવાથી (वञ्चकविज्ञानं) વઞ્ચકની ઓળખ (नहि) નથી થતી.

વિવરણ—જો આ વઞ્ચકને ઓળખવાની કોઇ યુક્તિ હોય તો ભોળા ભગવદીયો તેને જાણી તેનાથી દૂર રહેવા શક્તિમાન થઈ શકે. શાસ્ત્રોમાં માંહ્યલા તેમજ કુટુમ્બરૂપી બ્હારના ચોરોને ઓળખી કાઢવાનાં અનેક સાધનો છે; પરન્તુ કયાંય પણ આવા ધર્મધ્વજીયોને ઓળખી કાઢવાનાં સાધનો મળતાં નથી. વળી આ તો દરેક રીતે ખરા ભગવદીયને મળતો આવતો હોય છે, એટલે ઓર મુશ્કેલી ઊભી થાય છે. તેનૂં જો જ્ઞાન ન થાય તો સર્વનાશ થઈ જવા સમ્ભવ છે. પ્રભુભક્તો પ્રાયઃ અતિ ભોળા હોય છે; એટલે વઞ્ચકો ઊપર પણ દયા કરતાં વાર લગાડતા નથી. એમાંથી બચી જવાનાં સાધનો નજ હોઇ શકે ? ૨૨–૨૩.

न कोऽपि तादृशो धर्मो वैलक्षण्यावबोधकः ।
मृगाणामिव साधूनां मृगयोरिव गायने ॥२४॥
अतोऽपि किञ्चिदाधिक्यं वञ्चके तु प्रतीयते ।
प्रदर्शनार्थत्वतस्तु वेषादिरिह सर्वथा ॥२५॥

તેને ઓળખી કાઢવાનો કોઇ માર્ગ તો નથી, પણ તેમાં થોડુંક વધારે પણ હોય છે. તે બતાવતાં કહેવામાં આવે છે——

અન્વયાર્થ—(साधूनां) ભલાં (मृगाणां) મૃગલાંઓને (मृगयोः) પારાધીનાં (गायने) સઙ્ગીતમાં (इव) જેમ, તેવી રીતે (कोऽपि) કોઇપણ (तादृशः) તેવા પ્રકારનો (वैलक्षण्यावबोधकः) ભગવદીયથી જુદાપણું બતાવનારો (धर्मः) ગુણ (न) નથી. (अतः) આ પારાધી કરતાં (अपि) પણ (वञ्चके) વઞ્ચકમાં (तु) તો (किञ्चित्) કાંઇક (आधिक्यं) વિશેષતા (प्रतीयते) દેખાય છે. (इह) આ વઞ્ચકમાં (वेषादिः) તેનાં વસ્ત્ર–ટીલાં–ટપકાં–હાલવું–ચાલવું–વાણી એ વગેરે (सर्वथा) દરેક રીતે (प्रदर्शनार्थत्वतः) દેખાડવા માટેજ (तु) તો હોય છે.

વિવરણ—જઙ્ગલની અન્દર શિકારીયો નિર્દોષ હરણોનો શિકાર કરવા જાય છે, ત્યારે હરણોને પોતાની નજીકમાં ખેંચવા માટે અનેક પ્રકારનાં મીઠાં વાદ્યો વગાડે છે. હરણોને સઙ્ગીત બહુજ વ્હાલૂં હોય છે. એટલે એ બિચારા સઙ્ગીતનો આસ્વાદ લેવાને જ્યાંથી

[ગીતિ]

વ્યાધ તણા ગાયનનો ભલાં મૃગોને મળે ન ભેદ કદી,
વૈલક્ષણ્ય ન તેવી રીતે વઞ્ચક તણૂં મળેજ કદી. ૨૪.
વ્યાધ થકીજ અધિકતા વઞ્ચકમાં દીસતી અમુક વિષયેઃ
વઞ્ચકનાં વેષાદિક કેવળ દેખાડવાઃ વિશેષજ એ. ૨૫.

સઙ્ગીત આવતૂં હોય તે સ્થળે હર્ષપૂર્વક જાય છે. એ બિચારાંઓને ખબર નથી હોતી કે-આ કેવળ અમારો ઘાટ ઘડવાનેજ યુક્તિ રચવામાં આવી છે. નજીકમાં ગયા પછી સઙ્ગીતના શ્રવણમાં તલ્લીન બની જાય એટલે શિકારી એ ભોળવાયેલાં હરણોનો ઘાત કરી નાંખે છે. તેજ રીતિ વઞ્ચકની છે. પરન્તુ વઞ્ચકમાં થોડૂંક વિશેષ છેઃ- જ્યારે પારાધી જઙ્ગલમાં શિકારે જાય છે, ત્યારે શિકારીના પૂરા સ્વાઙ્ગમાં સજ્જ થઇ જાય છે; ત્યારે તે શિકારી નથી એમ કોઇને પણ પ્રતીત નથી થતૂં. હરણો પણ તેને નજરે જુવે તો ઓળખી કાઢે. તેઓ છૂપાઇને વાદ્યાદિક વગાડતા હોય છે, એટલે હરણો ભોળવાઇ ફસાઇ જાય છે. આ વઞ્ચકમાં તો વિશેષ એ કે દુષ્ટોની ખરી રીતભાત ન દેખાડતાં બધાં ભગવદીયોનાં ચિહ્નો દેખાવ પૂરતાં ધારણ કરી આવેલો હોય છે. વ્યાધમાં ઢોંગ નથી, જ્યારે વઞ્ચકમાં આ ઢોંગ છે. એટલો તે વ્યાધ કરતાંયે દુષ્ટતામાં ચઢી જાય. વ્યાધનૂં સ્વરૂપ છેતરનારૂં નથી હોતૂં, જ્યારે વઞ્ચકનૂં તો સ્વરૂપજ છેતરનારૂં છે. તેનો વેશ વૈષ્ણવના જેવો હોય છે. ભોળા વૈષ્ણવો તેમજ આચાર્યો પાસે આવી આવા વઞ્ચકો શાસ્ત્રોની સાચી ખોટી અનેક વાતો કરી, માર્ગના રહસ્યને જાણવાનો ડોળ કરી ભળતાં વાક્યોથી ઊલટા સૂલટા અર્થ કરી, ' પૂર્વાચાર્યોનો આવો મત છે, તે પ્રમાણેજ આપણું વર્તન હોવૂં જોઇયે, ' તેવી રીતે ઊલટા માર્ગ ઊપર ઢસરડી જાય છે; પોતે પરમ ઉદાર અને પારકાનૂં ભલૂં કરવાની વૃત્તિવાળો છે, તેવૂં દેખાડવાનો એ પ્રતિપળે યત્ન કરતો હોય છે. ૨૪-૨૫.

गृहसंव्वासतो ज्ञेय इति चेत्तन्न युज्यते ।
संसर्गे बुद्धिनाशे तु मोहान्न ज्ञानसम्भवः ॥२६॥
ज्ञानाभावे भवेदेव तत्क्रिया सार्थकाखिला ।
संसर्गमात्रतो नाशे कस्य ज्ञानोदयो भवेत् ॥२७॥

પોતાને ત્યાં આવી લાંબો વખત રહે, એટલે તેને આપણે ઓળખી ન કાઢિયે ? તેવા ભ્રમમાં કદાપિ ન રહેવા ઉપદેશ આપે છે કે—

અન્વયાર્થ—(गृहसंव्वासतः) ઘરમાં સાથે રહેવાથી (ज्ञेयः) ઓળખી શકાશે, (इति) એમ (चेत्) જો હોય તો (तद्) તે (न) ન (युज्यते) અનુકૂળ થશે. (संसर्गे) સાથે રહેવામાં (बुद्धिनाशे) બુદ્ધિનોજ નાશ થવાથી (तु) તો (मोहात्) મોહ થતાં (ज्ञानसम्भवः) તેને ઓળખી કાઢવાની શક્યતા (न) નથીજ. (ज्ञानाभावे) આપણે તેને ન ઓળખતા હોઇયે તેથી કરી (अखिला) બધી (तत्क्रिया) તેની રીતભાત (सार्थका) સાચીજ (भवेत्) થઇ પડે (एव)જ. (संसर्गमात्रतः) માત્ર સોબત થવાથીજ (नाशे) બુદ્ધિનો નાશ થઇ જાય ત્યાં (कस्य) કોને (ज्ञानोदयः) તેને ઓળખી કાઢવાપણું (भवेत्) થાય ?

વિવરણ—કદાચિત્ આપણે એમ માનતા હોઇયે કે તેવા દુષ્ટ વગ-ચકો આપણા સંસર્ગમાં આવે અને લાંબો વખત સાથે રહે તો તેની કોઇપણ ખરાબ વર્તણૂંક કોકવાર પણ હાથ આવી જાય, અને એ રીતે એને જાણી આપણે દૂર કરી નાખિયે. શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે એમ જો તમારૂં માનવૂં હોય; તો તે તમારી ગમ્ભીર ભૂલ થાય છે. તેની સોબતમાં તમે આવી જાવ

[અનુષ્ટુભ]

“ ઘરમાં સાથ ર્‌હેવાથી જાણશૂં;” તેય ઠીક ના:
સઙ્ગે તો બુદ્ધિનો નાશ; મોહથી જ્ઞાન શક્ય ના. ૨૬.
અજાણ્યે તે તણી તેથી ક્રિયા સાચી બધી ગણે;
સઙ્ગમાત્રે થતાં નાશ, ક્યાંથી પરખ સાંપડે? ૨૭.

એટલે દેખાવ તો તેનો પૂરેપૂરો ભગવદીય જેવોજ હોવાથી તેની વર્તણૂંકમાં તમને ક્યાંય પણ શઙ્કા આવવાની નહીં. શાસ્ત્રનાં વાક્યોનોજ અવળો સવળો અર્થ કરી પોતાની બધીજ ક્રિયા શાસ્ત્રસિદ્ધ છે તેવૂંજ એણે તમારા મનમાં ઠસાવ્યૂં હોય એટલે સારા નરસાનો વિચાર કરવાની તમારી બુદ્ધિજ ટળી ગઈ હોય; તમને તેના આચરણમાં મોહ થયો હોય; એટલે તમને તેની એક પણ રીતિ અવળી કે ઉન્માર્ગે લઇ જનારી ન દેખાય. આવી સ્થિતિમાં બોલો, તમે તેને ઓળખી ક્યાંથી શકો? વગ-ચક આવીને પ્હેલૂંજ કામ આપણો વિશ્વાસ પોતામાં મેળવી લેવાનૂં કરે છે. જાણ્યૂં કે પૂરેપૂરો વિશ્વાસ પોતામાં સામાનો બેસી ગયો છે એટલે અતિ ધીમી ગતિથી આપણી બુદ્ધિમાં એ ફેરફાર કરવાનો પ્રયત્ન આદરે છે. તેના પ્રથમના ચારિત્ર્યથી તો આપણો તેના તરફ પૂજ્યભાવ દૃઢ થતો ગયો હોય છે, એટલે તે પૂજ્યભાવને લીધે તેના કોઈપણ વચનમાં આપણને અવિશ્વાસ ઉત્પન્ન થવા કારણ ર્‌હેતૂં નથી. આપણે એમજ સમઝિયે છિયે કે, તે જે કાંઇ કરે છે તે શાસ્ત્રાનુસારીજ હશે. આમ આપણે તેના વર્તનાદિકમાં પૂરેપૂરા ઝડપાઈ જઇયે છિયે. માટે સાથે ર્‌હેવાથી તેને ઓળખી કાઢવા સમર્થ થઈ શકાશે, એમ જો માનતા હોઇયે તેમાં આપણને થાપજ મળવાની. ૨૬–૨૭.

न ज्ञापयति चात्मानं यावन्नाशं स वञ्चकः ।
नाशयित्वैव भवति निजरूपं समास्थितः ॥२८॥
मार्गस्थितेर्भवत्येव तादृशोऽत्यन्तबाधकः ।
बलान्न मारयत्येष प्रबोध्यैव च घातकः ॥२९॥
छलबुद्धिर्विनाशाय न बलं तस्य साधनम् ।
अज्ञातः सर्वथा हिंस्रो ज्ञातो नैव हि बाधकः ॥३०॥

અન્વયાર્થ—(च) અને (सः) તે (वञ्चकः) વઞ્ચક (यावन्नाशं) સામાને પૂરેપૂરો ભ્રષ્ટ કરી ન નાખે ત્યાંસુધી (आत्मानं) પોતાના સ્વરૂપને (न) નથી (ज्ञापयति) જણાવતો; (नाशयित्वा) પૂરેપૂરો ભ્રષ્ટ કરીને (एव) જ (निजरूपं) પોતાના સ્વરૂપમાં (समास्थितः) આવી રહેલો (भवति) થાય છે. (मार्गस्थितेः) તેનૂં પુષ્ટિમાર્ગમાંજ રહેલ હોવાપણૂં હોવાથી (तादृशः) તેવો ભક્તિમાર્ગીય જીવનાં બધાં બાહ્ય ચિહ્નોને ધારણ કરતો (अत्यन्तबाधकः) અત્યન્ત બાધ કરનારો (भवति) થાય છે (एव) જ. (एषः) એ (बलात्) બળાત્કારે (न) નથી (मारयति) ભ્રષ્ટ કરતો; (च) અને (प्रबोध्य) સમઝાવીને (एव) જ (घातकः) ભ્રષ્ટ કરનારો છે. (विनाशाय) બીજાને ભ્રષ્ટ કરવા માટે (तस्य) તેનૂં (साधनं) સાધન (छलबुद्धिः) કપટયુક્ત બુદ્ધિ છે; (बलं) બળ (न) નહીં. (अज्ञातः) જો આપણે તેને ન પીછાણ્યો તો તે (सर्वथा) દરેક રીતે (हिंस्रः) નાશ કરનારો છે. (ज्ञातः) જો તેને આપણે કળી ગયા તો (बाधकः) બાધ કરનારો (हि) ખરેખર (न) નથી (एव) જ.

વિવરણ—આ વઞ્ચક આપણને જ્યાંસુધી પૂરેપૂરી રીતે

[શાલિની]

પૂરેપૂરી ભ્રષ્ટતામાં ફસાવે,
ત્યાંસૂધી તે આત્મતા ના જણાવે.
જેવો તેણે ભ્રષ્ટ કીધો કુભાવે,
પોતા કેરૂં રૂપ તે ત્યાં બતાવે. ૨૮.

[ગીતિ]

સમાનધર્મે રહેતો વઞ્ચક બાધક અતીવ જાણો તે.
બલપૂર્વક ન ફસાવે; મીઠી વાણી થકીજ મારે તે. ૨૯.
સાધન કપટી બુદ્ધિજ; જોર નહીં લેશ તે કદી ધરતો.
અણજાણ્યો એ ઘાતક; જાણ્યો જો, બાધ લેશ ના કરતો. ૩૦.

પોતાનૂં ખરૂં સ્વરૂપ કદાપિ બતાવવાનો નહીં. જુવે કે–હવે આ મારા પૂરેપૂરા સકઞ્જામાં ફસાઇ ચૂક્યો છે, અને ક્યાંય પણ માથૂં ઊંચૂં કરી શકે તેમ નથી, ત્યારેજ પોતાના ખરા પાપરૂપ સ્વરૂપનો સઙ્ગીને બોધ કરાવે છે. રસમણ્ડલીને નામે પુષ્ટિમાર્ગને ઊતારી પાડનારા આ ભયઙ્કર ધૂતારાઓ, એને ઉદ્દેશીને **શ્રીહરિરાયજીનૂં** આ સૂચન છે. એ પુષ્ટિમાર્ગીય દીક્ષાથી દીક્ષિત હોય છે, માર્ગમાં પૂરા પ્રેમવાળા દેખાય છે; એટલેજ બિચારાં ભોળાં વૈષ્ણવજનોને તેમાં વિશ્વાસ ઉત્પન્ન થાય છે, અને વ્યભિચાર જેવા પ્રભુસેવામાં બાધ કરનાર ભયઙ્કર દુર્ગુણોમાં ફસાઇ જાય છે. આવાઓ ફોસલાવી, પટાવી, ભોળવી આપણને ખાડામાં ઊતારી નાખે છે. માત્ર કપટી બુદ્ધિ એજ તેમનૂં હથિયાર છે. આવા ભયઙ્કર વઞ્ચકોને પ્રથમથીજ જાણ્યા વિના સઙ્ગ કર્યો તો તો આપણે મુવાજ સમઝો. આપણને દરેક રીતે તેઓ વિનાશને પન્થે ધકેલી દેવાના. જો પ્રથમથીજ તેનૂં આપણને ભાન થઇ

ज्ञानं त्वशक्यं तस्येति न निस्तारः कथञ्चन ।
इति चेत्तत्र सिद्धान्त उपायः परिकीर्त्यते ॥३१॥

भगवद्भक्तसाम्येऽपि तदसाधारणो गुणः ।
निरपेक्षत्वमेतस्मिंस्तदभावाद्धि वञ्चकः ॥३२॥

अनाकारित एवासौ सङ्गे लगति सर्वथा ।
प्रार्थिता भगवद्भक्ताः कृपयन्ति कथञ्चन ॥३३॥

---

૧૪. વઞ્ચકનૂં આન્તરિક સ્વરૂપ

શૂં આવા ભયઙ્કર વઞ્ચકને ઓળખી કાઢવાનો કોઇપણ ઉપાયજ નહીં હોય ? તેવી આશઙ્કાનો પ્રત્યુત્તર આપતાં કહેવામાં આવે છે કે—

અન્વયાર્થ—(तस्य) તેની (ज्ञानं) ઓળખાણ (तु) તો (अशक्यं) થઇ શકે તેમ નથી; (इति) એમ (कथञ्चन) કોઈ પણ રીતે (निस्तारः) નિવેડો (न) નથી, (इति) એમ (चेत्) જો હોય તો (तत्र) ત્યાં (सिद्धान्ते) આપણા ખરા સિદ્ધાન્તમાં (उपायः) ઉપાય (परिकीर्त्यते) બતાવવામાં આવે છેઃ (भगवद्भक्तसाम्ये) ભગવદીયનાં બધાં ચિહ્ન ધારણ કરેલાં હોવાથી તેના જેવોજ હોવા છતાં (अपि) પણ (तदसाधारणः) ભગવદીયનો અસામાન્ય (गुणः) ગુણ જે (निरपेक्षत्वं) એક પાઈની પણ બીજાની આશા ન કરવાપણૂં, (एतस्मिन्) આ વઞ્ચકમાં (तदभावात्) તે નિરપેક્ષપણાનો અભાવ હોવાથી (हि) ખરેખર તે (वञ्चकः) વઞ્ચક જાણવો. (असौ) આ વઞ્ચક (अनाकारितः) બોલાવ્યો ન હોય તો પણ (सर्वथा) બધી રીતે (सङ्गे) સોબતમાં (लगति) લાગૂ પડે છે. (प्रार्थिताः) જેને આજીજી કરવામાં આવી છે, તેવા (भगवद्भक्ताः) ભગવદ્ભક્તો (कथञ्चन) કોઈકવાર (कृपयन्ति) ઘેર પધારવાની

[અનુષ્ટુભ]

અશકય જ્ઞાન તેનૂં છે; નિવેડો તે તણો નહીં;
એવૂં શૂં હોય ?–**સિદ્ધાન્તે** છે ઉપાય; કહ્યૂં અહીં. ૩૧.

[ગીતિ]

ભગવદ્ભક્ત મહીં તો છેજ અસામાન્ય એક ધર્મ બડો:
નિરપેક્ષતા; ન લાધે વઞ્ચકમાં; તે થકી પ્રકાશ ખરો. ૩૨.
વણબોલાવ્યો વઞ્ચક સહુ આવી મળે સદૈવ ખરે;
બહુ વીનવતાં છત્તાં ભગવદ્ભક્તો કદાચ મ્હેર કરે. ૩૩.

વિવરણ—ભગવત્કૃપાથી આવા વઞ્ચકોને ઓળખી કાઢવાનો એક ઉપાય છે. ભગવદ્ભકતોમાં મોટામાં મોટો ગુણ એ છે કે–તેઓ અન્ય કોઇની એક ફૂટી બદામની પણ આશા ન કરવાના. આ **નિરપેક્ષતાનો** ગુણ આ દુષ્ટ વઞ્ચકમાં કદાપિ હોતો નથી. એટલે કેવળ પેટ ભરવાના અને મોજશોખ ઉડાવવાના હેતુથી વગર બોલાવ્યો વૈષ્ણવને ઘેર આવી ચઢે છે અને ભોળવી, ફોસલાવી, ખાડામાં ઉતારી દ્રવ્ય ઓકાવે છે; અને તેટલેથી ન અટકતાં વ્યભિચાર જેવા ભયઙ્કર દોષોમાં પ્રવૃત્ત કરાવે છે. ૩૧–૩૩.

આમ પ્રભુના ભકતોને બહુ વીનવો ત્યારે કોઈકવારજ વૈષ્ણવને ઘેર પધારે છે, ત્યારે પણ કેવળ સન્માર્ગ ઉપર દોરવાનોજ તેમનો પ્રયત્ન હોય છે; જ્યારે આ વઞ્ચક તો વગર બોલાવ્યો હાજર થાય છે. આ તફાવત ઉપરાંત બીજા તફાવત છે, તે અહીં કુહેવામાં

स द्रव्यमेव विज्ञाय सज्जते स्वार्थमोहितः ।
दीनेषु भगवद्भक्तास्तदर्थैकप्रसादकाः ॥३४॥
चालयत्ययमुन्मार्गे मायाचाटुकसूक्तिभिः ।
ते तु मार्गे चालयन्ति वचोभिः कटुकौषधैः ॥३५॥

અન્વયાર્થ—(स्वार्थमोहित:) કેવળ સ્વાર્થથી મુગ્ધ થયેલો (सः) તે વઞ્ચક (द्रव्यं) ધનસમ્પત્તિને (एव) જ (विज्ञाय) જાણીને (सज्जते) સોબત કરવાને તૈયાર થાય છે; જ્યારે (भगवद्भक्ताः) પ્રભુના ભક્તો (दीनेषु) ગરીબોમાં (तदर्थैकप्रसादकाः) કેવળ તેવા ગરીબોના ભલા માટેજ કૃપા કરનારા હોય છે. (अयं) આ વઞ્ચક (मायाचाटुकसूक्तिभिः) કપટી મીઠી વાણી વડે (उन्मार्गे) ઉલટા માર્ગમાં (चालयति) ધકેલે છે, જ્યારે (ते) તે ભગવદ્ભક્તો (तु) તો (कटुकोषधैः) કડવાં ઓસડ જેવાં (वचोभिः) વચનોથી (मार्गे) સન્માર્ગમાં (चालयन्ति) લઈ જાય છે.

વિવરણ—વઞ્ચક અને ભગવદ્ભક્તોમાં બીજો તફાવત અનુક્રમે **સ્વાર્થ** અને **પરમાર્થરૂપ** છે. વઞ્ચકો કેવળ પેટ માટે પ્રવૃત્તિ કરે છે, જ્યારે પ્રભુના ભક્તો માત્ર બીજાનૂં ભલૂં ઇચ્છનારા હોય છે. " तीर्थीकुर्वन्ति तीर्थानि स्वान्तःस्थेन गदाभृता (भा. १–१३–१०) પોતાના અન્તઃકરણમાં રહેલા ગદાધર પરમાત્મા થકી પવિત્ર એવાં તીર્થોને આ મહાત્મા પુરુષો પવિત્ર કરે છે." જ્યાં ક્યાંય પણ મોટા મનોરથ, ઉત્સવો, માઙ્ગલિક પ્રસઙ્ગો હોય ત્યાં આવા વઞ્ચકો ઉભરાઇ જાય છે. એકજ વાત કે કોઈપણ રીતે **સેવકીને** બ્હાને દ્રવ્ય ભેળૂં કરવૂં. સામાન્ય રીતે બીજા પાસે કાંઇ પણ માગવાનો હક્ક કોઇનો નથી.

કેવળ નાણાં દેખી વઞ્ચકની સ્વાર્થમુગ્ધ તત્પરતા;
ભગવદ્ભકતો જ્યારે દીનહિતે દીનમાં કૃપા કરતા. ૩૪.
મીઠાં કપટી વચને વઞ્ચક ઉન્માર્ગમાં ધકેલે છે;
કડ઼વાં ઔષધ જેવાં વચને સન્માર્ગ ભક્ત ચીંધે છે. ૩૫.

જુવે છે અને તેનો સત્કાર કરે છે; પરન્તુ વઞ્ચક તો ગમે તે અયાચક જાતિનો હોય છતાં, ધર્મશાળાને બ્હાને, સદાવ્રતને બ્હાને અને છેવટ પ્રભુને નામે, એવાં તદ્દન ખોટાં બ્હાનાંઓથી ધન ધૂતતા ફરતા હોય છે. નથી તેઓ તે મેળવેલા દ્રવ્યનો ઉપયોગ ધર્મશાળામાં, સદાવ્રતોમાં કે પ્રભુની સેવામાં કરતાં, માત્ર મોજશોખ માણવામાં અને અનેક નિર્દોષ સ્ત્રી પુરુષોને પાપમાં ફસાવવાના અને પાપીયોને ઉત્તેજવાના કામમાં વાપરતા જણાય છે. પ્રભુના ભકતો કદી કયાંય પણ દ્રવ્યસઙ્ગ્રહ કરતા નથી કે કોઈની પાસેથી દ્રવ્યની આશા રાખતા નથી. કદાચ કોઇ કાંઇ ભગવત્કૃપાથી આપી જાય તો તે તરતજ સન્માર્ગમાં વાપરી નાખે છે; પોતાના ઘરમાં તેવા દ્રવ્યને દાખલ પણ થવા દેતા નથી. વઞ્ચકોનૂં કાર્ય માત્ર બહિર્મુખતા ઉત્પન્ન કરાવવાનુંજ હોય છે, જ્યારે ભગવદ્ભકતો પ્રભુના માર્ગ તરફ જીવોને વાળે છે. ૩૪–૩૫.

આવાનો ત્યાગજ શ્રેયસ્કર છે, તે સમઝાવે છે—

અન્વયાર્થ—(एवं) આ પ્રમાણે (बुद्ध्या) બૂદ્ધિપૂર્વક (एव)જ (हि) ખરેખર (वञ्चके) વઞ્ચકમાંનો (वैलक्षण्यं) ભેદ (विज्ञाय) જાણીને (तत्सङ्गं) તેની સોબત, (तत्र) તેના વિશેનો (सद्भावं)

एवं विज्ञाय बुद्ध्यैव वैलक्षण्यं हि वञ्चके ।
तत्सङ्गं तत्र सद्भावं तन्माहात्म्यं परित्यजेत् ॥२६॥
अन्यथा मार्गनिष्ठोऽपि विनाशं प्राप्नुयान्नरः ।
अत एवास्मदाचार्यैरुक्तं स्वीयकृपालुभिः ॥२७॥
'पाषण्डप्रचुरे लोके कृष्ण एव गतिर्मम ।'
अन्यत्राप्युक्तमेवं हि शिक्षापद्येषु सर्वथा ॥२८॥

મોટાઇ, તે બધાંનો (परित्यजेत्) ત્યાગ કરવો. (अन्यथा) એમ જો ન કરિયે તો (नरः) મનુષ્ય (मार्गनिष्ठः) ભગવન્માર્ગમાં રહેલો હોય છતાં (अपि) પણ (विनाशं) વિનાશને [प्राप्नुचात्] પામે. [अतः] આથી [एव] જ [स्वीयकृपालुभिः] શરણે આવેલા જીવોની ઉપર કૃપાવાળા [अस्मदाचार्यैः] આપણા મહાન આચાર્ય શ્રીવલ્લભાધીશ્વર પ્રભુયે [उक्तं] કહ્યૂં છે કે–[लोके] લોક જ્યાં [पाषण्डप्रचुरे] પાખણ્ડમય થઇ ગયો છે ત્યાં [मम] મારો [गतिः] આશરો [कृष्णः] શ્રીકૃષ્ણ [एव] જ છે. [अन्यत्र] બીજે સ્થળે [अपि] પણ [शिक्षापद्येषु] શિક્ષાપદ્યોમાં [हि] ખરેખર [सर्वथा] દરેક રીતે [एवं] આ પ્રમાણેજ [उक्तं] કહ્યૂં છે.

વિવરણ—કોઇ પણ મનુષ્યની સાથે હરકોઇ જાતનો સમ્બન્ધ બાંધતી વેળાયે બુદ્ધિનો ઉપયોગ કરવો અતિ આવશ્યક છે. એમને એમ જો આંધળિયાં કરવામાં આવે તો પ્રાયઃ પરિણામ સારૂં આવતૂં નથી. આપણે જેવી ખબર પડે કે–આ પાકો ધૂર્ત છે કે તરતજ તેવાનો સઙ્ગ છોડી દેવો. આમ ન કરવામાં આવે તો આપણો સર્વનાશજ થાય. શ્રીમહાપ્રભુજીયે તત્ત્વાર્થદીપનિબન્ધના સર્વનિર્ણય પ્રકરણમાં ૨૧૧ થી ૨૧૫ સૂધી અધર્મી–કલિકાલપ્રભાવ અને કર્તવ્ય સમઝાવ્યૂં છે. તે અહીં ઉપયુક્ત થઇ પડશે:—" ધર્મમાર્ગનો

[અનુષ્ટભ]

આવી બુદ્ધિ થકી જાણી ભેદ વઞ્ચકનો અને,
સઙ્ગ, સદ્ભાવ, માહાત્મ્ય તે તણાં છોડવાં જને; ૩૬.
ન્હૈંતો માર્ગે છતે પ્રેમ નષ્ટ વૈષ્ણવ થાય છે.
દયાળુ **શ્રી**મહાચાર્યે આ માટેજ કહેલ છે: ૩૭.
‘ પાખણ્ડી લોક સર્વે જ્યાં, ત્યાં મારી ગતિ કૃષ્ણ છે. ’
શિક્ષાપદ્યો મહીં તેમ અન્યત્ર પણ કહેલ છે. ૩૮.

પાખણ્ડમતમાં વર્તતા હોવાથી ઘોર નરકમાં પડે છે. અત્યારે કલિકાળમાં પ્રાયઃ બધા ધર્મશાસ્ત્રોથી વિરુદ્ધ આચાર-વિચારમાં મગ્ન બનેલા, વેદાધ્યયન વગેરે ક્રિયાથી હીન, તેમજ આચારને સો ગાઉનું છેટું છે, તેવા, જે કાંઇ પણ આચાર પાળે તે વિધિવર્જિત કરે. મન જેનાં ફેંકાઇ ગયેલાં છે, તેવા ભ્રમિત બુદ્ધિવાળા, જીભ અને ઇન્દ્રિયોની તૃપ્તિ કાજેજ યત્ન કરનારા, વૈદિક કર્મોથી ભ્રષ્ટ થયેલા, પોતેજ દુષ્ટ જ્યાં લોકો થઇ ચૂક્યા છે, ત્યાં ધર્મનું પાલન કેવી રીતે કરવું ? દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મન્ત્ર અને કર્મો એ બધાંય અનુકૂળ સ્થિતિમાં હોય ત્યારે ધર્મ પાળી શકાય છે. કલિયુગમાં એ છયેની અનુકૂલતા અતિ દોહ્યલી છે. આમ સ્થિતિ હોવા છતાં ધર્મમાર્ગે રહી શ્રીકૃષ્ણચન્દ્રજીનો આશ્રય કરવામાં આવે તો ભાગવત ધર્મના પાલનથી તરી શકાય.” આવી રીતે ભગવન્માર્ગમાં પ્રવૃત્તિ હોય તથાપિ જો વઞ્ચકનું જ્ઞાન ન થાય તો બધું ફોકટ થાય. શ્રીકૃષ્ણાશ્રય ગ્રન્થમાં આચાર્યશ્રીયે દેશ-કાલનું વર્ણન આપ્યું છે. તેવામાંથી આપણે બચી ચાલવાનું છે. એકજ તત્ત્વ આ ઉપરથી સમઝવાનું છે કે-પ્રભુનો આશ્રય જેનાથી છૂટે, તેવા સર્વ મનુષ્યો, સર્વ કર્મોનો ત્યાગ કરવો અને ધર્મમાર્ગે રહી શ્રીકૃષ્ણચન્દ્રજીની ભક્તિ કરવી. શ્રીમહાપ્રભુજીયે **શિક્ષા**સાર્ધત્રયશ્લોકીમાં એજ ઉપદેશ આપ્યો છે. તેમજ **શ્રી**હરિરાયજીયે **શિક્ષા**પત્રોમાં પણ એવોજ ઉપદેશ આપ્યો છે. ૩૬–૩૮.

प्रावाहिकास्तेऽपि चेत्स्युरुपेक्षैवोचिता तदा ।
एवं विज्ञाय सततं स्थेयं वै सावधानिभिः ॥३९॥

सेवापरैः कथासक्तैः सत्सङ्गपरिशोधकैः ।
बाह्यव्यापाररहितैर्भगवद्भावभावुकैः ॥४०॥

दैन्यमात्रपरिश्रान्तैरसदालापवर्जितैः ।
श्रीकृष्णदर्शनाद्यार्तैर्निजाचार्याश्रिताश्रितैः ॥४१॥

इति श्रीहरिदासविरचितं भक्तानां दुःसङ्गविज्ञानप्रकारानिरूपणं समाप्तम् ॥

---

૧૫. ઉપસંહાર

પ્રભુના ભકતો પણ કદાચ આ પ્રવાહમાર્ગમાં તણાતા દેખાય તો તેનૂં શૂં ? ત્યાં ખુલાસો કરે છે કે—

અન્વયાર્થ—[ते] તેઓ [अपि] પણ [प्रावाहिकाः] પ્રવાહમાર્ગમાં તણાયલા [चेत्] જો [स्युः] હોય [तदा] તો [उपेक्षा] ઉપેક્ષા [एव] જ [उचिता] યોગ્ય છે. [एवं] આ પ્રમાણે [विज्ञाय] જાણીને [सततं] હમ્મેશાં [सेवापरैः] ભગવત્સેવામાં એકતાન [कथासक्तैः] ભગવત્કથામાં આસક્તિવાળા, [सत्सङ्गपरिशोधकैः] સત્સઙ્ગની તપાસ રાખનારા, [बाह्यव्यापाररहितैः] બ્હારના લૌકિક વ્યવહારોનો ત્યાગ કરનારા, [भगवद्भावभावुकैः] ભગવદ્ભાવથી આવેશિત થયેલા [दैन्यमात्रपरिश्रान्तैः] કેવળ દીનતાનોજ આશ્રય કરનારા, (असदालापवर्जितैः) નકામી વાતચીતોનો ત્યાગ કરનારા, [श्रीकृष्णदर्शनाद्यार्तैः] શ્રીકૃષ્ણચન્દ્રજીનાં દર્શનાદિક માટે જેને તાપ–કલેશ થાય છે તેવા, [निजाचार्याश्रिताश्रितैः]

[ગીતિ]

ભગવદ્ભક્તો પણ જો પ્રવાહમાર્ગે તણાય, તજવા તે;
આવૂં જાણી સન્તતં માર્ગે ર્હો સાવધાન થૈ ખાંતે. ૩૯.

આપણા આચાર્યને શરણે ગયેલા ખરા ભગવદીયોનો આશ્રય કરનારા એવા [सावधानिभिः] સાવધાન ચિત્તવાળા થઇ ભક્તોયે [स्थेयं] ર્હેવૂં.

વિવરણ—શ્રીહરિરાયજી **અહીં** પ્રવાહમાર્ગમાં તણાતા ભગવદ્ભક્તોને ઉદ્દેશી ક્હેતા હોય તેમ લાગે છે. ભગવદ્ભક્તો આ લોકમાં સ્થિતિ કરી રહ્યા હોય અને વર્ણાશ્રમાદિના આચારોને પાળનારા ન થતાં મર્યાદાનો ત્યાગ કરી બેઠા હોય તો તેવાઓનો પણ ત્યાગજ ઇષ્ટ છે. તેઓશ્રી સ્પષ્ટ આજ્ઞા કરે છે કે "केवलौदरिकत्वं तु तदीयानां न चोचितम् [शि. प. १८–२] ભગવદીયો માત્ર પેટ ભરવાના કામમાંજ પ્રયત્ન કરે, તે યોગ્ય નથી." "तदीयानां स्वतश्चिन्तां कुरुते पितृवद्धरिः । पुनश्चिन्तां विकुर्वाणा मूर्खा एव न संशयः ॥ [शि. प. ४१–४१]

—પિતાની માફક પ્રભુ ભગવદીયોના યોગક્ષેમની ચિન્તા કરે છે. આમ હોવા છતાં જેઓ ચિન્તા કરે છે, તે મૂર્ખ છે." આ ચિન્તાને અઙ્ગે ભગવદીયો છતાં ભગવદ્ભાવથી વિમુખ થાય તેવી સ્થિતિ ઊભી થાય છે. આવા ભગવદીયો તેવી ચિન્તાને અઙ્ગે લોકમાં આસક્ત થતા જાય છે, એટલે ભગવદ્ભજન છૂટી જાય છે. માટેજ તેવાઓનો ત્યાગ કરવાનૂં શ્રીહરિરાયજી ઉપદેશે છે. સેવાપરાયણતા, કથાસક્તિ, સત્સઙ્ગશોધ, લૌકિક વ્યવહારો જેમ બને તેમ ઓછા કરી

[શાર્દૂલવિક્રીડિત]

સેવાતત્પર થૈ કથાપ્રિય થતાં, સત્સઙ્ગને શોધતાં,
વ્યાપારો પર છોડતાં, પ્રભુ તણા ભાવે રસાવેશતા
ને દૈન્યે પ્રિયતા કરી, અસત જે આલાપ, તેને ત્યજયે,
અત્યાર્તિ પ્રભુદર્શને ઝટ લહો આચાર્યભક્તાશ્રયે. ૪૦-૪૧.

સમાપ્ત

નાખવાપણું, સદા ભગવાનમાં પ્રેમ રાખવાપણું, કેવળ દીનતાનો આશ્રય, મિથ્યા-વાતચીત-ત્યાગ, પ્રભુને મેળવવાને તાપ-ક્લેશ, અને આપણા આચાર્ય અને ભગવદીયોનો આશ્રય, એ અવિચ્છિન્ન રાખવામાં આવે તો આપણને મળેલા નિધિનું બરોબર પાલન થઈ શકે. ૩૯-૪૧.

इति श्रीकृष्णार्पणमस्तु ॥

श्रीकृष्णः ।

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને અપીલ

વર્તમાન સમય એવો આવી લાગ્યો છે કે જેમાં સંઘબલ વિના કાંઇ કાર્ય કરી શકાતું નથી. મણ્ડલ હો કે પરિષદ હો, બધામાં સંઘબલ કામ કરી રહેલ છે. આ નિયમને અનુસરીને શ્રીપુષ્ટિમાર્ગીય યુવક પરિષદ મૂંબઇમાં સ્થાપવામાં આવી છે. તેનો મુખ્ય ઉદ્દેશ પુષ્ટિ–સમ્પ્રદાય જેવા વિશ્વ–કલ્યાણકારી સમ્પ્રદાયના જિજ્ઞાસુ તથા જ્ઞાતાઓ એક સાથે જોડાઇ સારાએ જગતમાં તેની કીર્તિ– પતાકા ફરકાવે કે જેથી અજ્ઞાનવશ પ્રવર્તી રહેલા વિચિત્ર ખ્યાલાતોમાંથી સમ્પ્રદાય ઊગરી જાય. આ શુભ ઉદ્દેશને ચરિતાર્થ કરવા ધનિક વૈષ્ણવોની સહાયતાથી અમે સામ્પ્રદાયિક જનતા આગળ નાનાં મોટાં દશ પુષ્પો (૭ પુસ્તિકા અને ચાર પત્રિકા)રૂપી સામ્પ્રદાયિક સિદ્ધાન્ત સમજાવતાં ટૂંકા પણ જીવનમાં અસાધારણ પરિવર્ત્તન કરનારા નિબન્ધો મૂકવાને સમર્થ થયા છીએ. આ સંસ્થા ફંડના ફંદામાં પડેલી નથી તેમ પડવા પણ માગતી નથી; પણ આવશ્યકતા જણાયે શ્રીમહાપ્રભુજી તેનું ગાડું ચલાવ્યેજ જાય છે.

અમારી પાસે ખાસ પ્રકટ કરવા યોગ્ય નાનો સંગ્રહ ભગવદીયોની કૃપાથી પ્રાપ્ત થયેલો છે; પરંતુ અર્થાભાવથી તે અપ્રકટ પડેલો છે. તેને પ્રકટ કરી વૈષ્ણવોમાં પ્રચારાર્થે ધનની મદદ કરવા દરેક ભાવુક હૃદયને અમે સવિનય અપીલ કરીએ છીએ અને આશા રાખીએ છીએ કે અમારી અપીલ વ્યર્થ નહિ જાય. किमधिकं सुज्ञेषु ।

કાર્યાલય
મોટું મંદિર, ભૂલેશ્વર
Bombay 2

લી૦ માનદ મન્ત્રીઓ,
શ્રી પુષ્ટિમાર્ગીય યુવક પરિષદ,
મુંબઈ

તા. ક. પરિષદ–સમ્બન્ધી સઘળો પત્રવ્યવહાર માનદમન્ત્રીઓ 'શ્રીપુષ્ટિમાર્ગીય યુવક પરિષદ' ઠે. મોટું મન્દિર, ભૂલેશ્વર, મુંબઈ નં. ૨, એ સરનામે કરવો.